સુવિચાર

''આપણી આંખ એ જ ખોલે છે, જેના પર આપણે આંખ બંધ કરી ભરોસો કરીએ છીએ.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૧૦/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો વદ-૫ વર્ષ : ૧૭ અંક : ૨૬૯

પાલિકાનાં શાસકોએ તમામ કામો પડતા મૂકીને એક કામ કરવું જરૂરી

અમરેલી શહેરની અતિ ગંભીર સમસ્યા રખડતા પશુઓ

સુધરાઈ સભ્યથી લઈને સાંસદ અને કર્મચારીથી લઈને કલેક્ટર સુધી સૌ કોઈએ રખડતાં પશુઓને સલામત સ્થળે ખસેડવા જોઈએ

રખડતા પશુઓ પરેશાન થઈ રહ્યા હોય સાથે શહેરીજનોની પણ મુશ્કેલી વધી રહી છે

રખડતા પશુઓને કારણે અવારનવાર અકસ્માતની ઘટના બને તેમજ ગંદકીનો પણ ફેલાવો થઈ રહ્યો છે

વિશાળ વહીવટીતંત્ર શહેરની વિકરાળ સમસ્યા દૂર કરવામાં સક્રીય બને તેવી માંગ

અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં શ્વાન, ગાય અને આખલા સહિત અંદાજિત ૫ હજાર જેટલા પશુઓ આમથી તેમ ફરી રહ્યા છે અને અવારનવાર અકસ્માતનો ભોગ પણ મુંગા પશુઓ બની રહ્યા છે અને રખડતા પશુઓને લીધે શહેરની દોઢ લાખ જનસંખ્યા પણ અસુરક્ષિત બની છે.

અમરેલીનાં સુધરાઈ સભ્યથી લઈને સાંસદ અને સામાન્ય કર્મચારીથી લઈને જિલ્લા કલેકટર સુધી અધિકારીએ સાત કામ પડતા મુકીને પણ શહેરમાં અસુરક્ષિત બનેલ મુંગા પશુઓને સલામત સ્થળે ખસેડીને શહેરીજનોને સુરક્ષિત કરવા જોઈએ.

મૂંગા પશુઓ નિર્દોષ હોવા છતાં અવારનવાર અકસ્માતનો ભોગ બને છે અને તેના લીધે શહેરનાં વાહનચાલકો પણ પરેશાન થાય છે. મૂંગા પશુઓને લીધે ગંદકી પણ ફેલાઈ રહી છે. સમગ્ર વહીવટીતંત્ર "મિશન સુરક્ષા" શરૂ કરીને માત્ર એક જ મહિનો સક્રીયતા દાખવે તો શહેરની સૌથી વિકરાળ ગણાતી સમસ્યા ચોકકસ દૂર થઈ શકે તેમ છે.

બાબરા નજીક આવેલ

મીયા ખીજડીયા ગામનાં ૧૯ વર્ષિય ધવલ ગરણીયાનું છકડા રીક્ષાની હડફેટે મોત

સુરતથી સાડીનું પાર્સલ આવ્યું હતું તે આપવા જતાં હતા ત્યારે બનાવ બન્યો

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાના મીયા ખીજડીયા ગામના ૧૯ વર્ષીય ધવલ ગરણીયાનું છકડા રીક્ષાની હડફેટે મોત નિપજયું હતું. તે સુરતથી સાડીનું પાર્સલ

અનુસંધાન પાના ૬ ઉપર

ખેતીકાર્યમાં અનેક વિક્ષેપ વચ્ચે નવી ઉપાધિ

નાના લીલીયામાં મધમાખીઓનો આતંક : કપાસના ખેતરમાં મહિલા સહિત ત્રણ લોકોને ડંખ માર્યા

મહિલાને વધુ સારવાર માટે અમરેલી ખસેડાયા

લીલીયા, તા. ૨૯

લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે કપાસના ખેતરમાં મધમાખીઓએ હુમલો કરતાં મહિલા સહિત ત્રણ લોકો ડંખનો ભોગ બન્યા હતા. આ ઘટનાને પગલે ખેતરમાં કામ કરતા લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, નાના લીલીયા ગામે કપાસના ખેતરમાં મધમાખીઓએ અચાનક હુમલો કરતાં પ્રભાબેન અરવિંદભાઈ સડાસણા સહિત ત્રણ લોકોને ડંખ માર્યા હતા.

મધમાખીઓના હુમલામાં પ્રભાબેનને સારવાર અર્થે પ્રથમ લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. ત્યાંથી વધુ સારવાર માટે તેમને અમરેલી લઈ જવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત જયસુખભાઈ અને તેમનાં પત્ની ઉપર પણ મધમાખીઓએ હુમલો કર્યો હતો, જેમાં તેઓ પણ ડંખનો ભોગ બન્યાં હતાં. ખેતરમાં કામકાજ દરમિયાન બનેલી આ ઘટનાને પગલે ગ્રામ્ય વિસ્તારમાં ચિંતા પ્રસરી હતી. ખેતીકામ કરતા ખેડૂતો અને ખેતમજૂરોએ મધમાખીઓના હુમલા જેવી ઘટનાઓમાં સાવચેતી રાખવી જરૂરી બની છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

મહાત્મા ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરફેર બંધ થતી જ નથી

સાવરકુંડલાનાં જેસર રોડ ઉપરથી કારમાંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂની ૧૯૦૮ બોટલ ઝડપાઈ

પોલીસે રૂપિયા ૧૩.૦૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં જાણે વિદેશી દારૂનાં કટિંગ માટે લીલો પરવાનો હોય તેમ બુટલેગરો દિવાળીનાં નાણાં કમાવવા માટે જાણે મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઠલાવતા હોય તેમ અમરેલી જિલ્લામાંથી છેલ્લા બે દિવસમાં અમરેલી પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ બુટલેગરોની ઉંઘ હરામ કરી દીધી છે.

આજે સવારે અમરેલી એલસીબી પોલીસ ઈન્સપેકટર સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલસીબી ટીમ સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન તેમને મળેલ બાતમીનાં આધારે સાવરકુંડલા ટાઉન, જેસર રોડ ઉપરથી સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર આવેલ મંગલમ સોસાયટીમાં રહેતા તેજસ પુનમચંદ્ર બકરાણીયા નામના ઈસમને ફોરવ્હીલમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ

અનુસંધાન પાના ૬ ઉપર

ડુંગળીનાં કારખાનામાં ચીમની તૂટી જતા

મોરંગી ગામે શ્રમિક યુવકનું ઉપરથી નીચે પડવાથી મોત નિપજયુ

સ્થાનિક પોલીસ દ્વારા જરૂરી નોંધ કરવામાં આવી

અમરેલી, તા. ૨૯

ઉત્તરપ્રદેશના તની અને હાલ મહુવા તાલુકાના નેસવડ ગામે મેગાસીટી રીજેન્સીમાં રહેતા અનીલકુમાર યાદવ મુન્નાયાદવ નામનાં ૩૦ વર્ષિય યુવક ગત તા. ૨૮નાં રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે મોરંગી ગામે મહેશભાઈ વાયલુના કૃષિ ફૂડ ડુંગળીનાં કારખાનામાં ઉપર વેલ્ડીંગ કટર વડે ચીમની (ભુંગળુ) કાપવાનું કામ કરતા હતા. તે દરમિયાન ચીમની (ભુંગળુ) ભાંગતા તેઓ ઉપરથી નેચી પડતા માથાનાં ભાગે, કપાળનાં ભાગે, ડાબા કાનના ભાગે ગીભર ઈજા થતાં તેમને મોટા આસરાણા ખાતે આવેલ હોસ્પિટલમાં સારવારમાં લઈ જતાં ફરજ ઉપરનાં તબીબે તેમને મૃત જાહેર કરતા પોલીસે બનાવ અંગે આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

નામ નોંધાવવા માટે
(૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોક્ટર હાઉસ અમરેલી

કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)

અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ

ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬

ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

naari HOSPITAL **હોસ્પિટલ**

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

ગીર ગઢડાનાં ફાટસર ગામનાં દફનવિધિ વિવાદને લઈને

ઉના પ્રાંત અધિકારી મારફતે રાજયપાલને આવેદનપત્ર પાઠવાયું

અનુસૂચિત સમાજની માંગ : આરોપીનાં જામીન રદ કરી ધરપકડ કરવામાં આવે

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૯

ગીર સોમનાથ જિલ્લાનાં ગીરગઢડા તાલુકાના ફાટસર ગામે વૃધ્ધની દફન વિધિ દરમિયાન અવરોધ ઊભો કરવાના વિવાદને લઈને ઉના, ગીરગઢડા અને કોડીનારનાં સમસ્ત અનુસૂચિત સમાજ દ્વારા ઉના પ્રાંત અધિકારી મારફતે ગુજરાતનાં રાજયપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં ફાટસરની ઘટનાનાં આરોપી સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની, જામીન રદ કરી ધરપકડ કરવાની તેમજ અનુસૂચિત સમાજનાં સ્મશાનની જમીનનો વિવાદ ઉકેલવાની માગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, ફાટસર ગામનાં હાજાભાઈ દાનાભાઈ સોંદરવાનું ૨૪ ઓકટોબર, ૨૦૨૬નાં રોજ બીમારીનાં કારણે અવસાન થયું હતું. બીજા દિવસે પરિવારજનો જ્ઞાતિનાં રીતરિવાજ મુજબ દફનવિધિ કરવા માટે સ્મશાનમાં કબર ખોદી રહ્યા હતા. તે દરમિયાન ચતુરભાઈ મધુભાઈ પોકીયાએ રસ્તાનો મુદ્દો ઉઠાવી કબર ખોદવા સામે વાંધો લીધો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલવા અને ધમકી આપ્યાની ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી.

સમાજનાં આગેવાનોના આવેદનપત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે દફનવિધિમાં અવરોધનાં કારણે વૃધ્ધનાં મૃતદેહની અંતિમવિધિમાં આશરે ચાર કલાકનો વિલંબ થયો હતો. અગાઉ પણ આવી ઘટનાઓ બની હોવાનો આક્ષેપ કરી સમાજે આ મામલે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

આવેદનપત્રમાં પોલીસ દ્વારા આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હોવાની કાર્યવાહી સામે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. તપાસ કરનાર અધિકારીની ભૂમિકાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને કોઈ ગેરરીતિ જણાય તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

આ ઉપરાંત, ફાટસર ગામમાં અનુસૂચિત સમાજનાં સ્મશાનની જમીન પર કથિત ગેરકાયદે કબજો કરી કૂવો, મકાન અને ફરતી દીવાલ બનાવવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે તપાસ કરી કાયદેસર રીતે ગેરકાયદે કબજો સાબિત થાય તો લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ કાર્યવાહી કરવા અને સ્મશાનની જગ્યા ખુલ્લી કરાવવા માંગ કરવામાં આવી છે.

ઉના, ગીરગઢડા અને કોડીનાર તાલુકામાં અનુસૂચિત સમાજ માટે જયાં સ્મશાનની વ્યવસ્થા ન હોય ત્યાં જમીન ફાળવવામાં આવે અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

સમાજની મુખ્ય માંગણીઓ

આરોપીનાં જામીન રદ કરી કાયદા મુજબ ધરપકડ કરવામાં આવે.

ઘટનામાં હથિયારનાં ઉપયોગ અંગે તપાસ કરી આર્મ્સ એકટની લાગુ પડતી કલમો ઉમેરવા અંગે કાર્યવાહી કરવામાં આવે.

પોલીસ અને તપાસ અધિકારીની ભૂમિકાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

સ્મશાનની જમીન પરનાં કથિત ગેરકાયદે કબજાની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

ઉના, ગીરગઢડા અને કોડીનાર તાલુકામાં અનુસૂચિત સમાજનાં સ્મશાન માટે જમીન અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે.

બગસરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હેલ્થ મેળાનું આયોજન કરાયું

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વિઝન અને મિશન એવા આયુષ્યમાન ભારત અંતર્ગત જન સમુદાયને આરોગ્યની સેવા મળી રહે તેવા હેતુથી આ હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હૃદયરોગ ડાયાબિટીસનાં નિષ્ણાંત, સ્ત્રીરોગ નિષ્ણાંત હાડકાનાં નિષ્ણાંત તથા કાનનાં ગળાનાં નિષ્ણાંત જનરલ અમરેલી શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનાં ડોકટરોએ સેવા આપી હતી. આ હેલ્થ મેળામાં ૨૭૪ દર્દીઓએ હેલ્થ મેળાનું લાભ લીધો હતો. તેમ બગસરા સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ઠુંમર દ્વારા પ્રેસ યાદીમાં જણાવેલ છે.

યુપીમાં કેરેક્ટર સર્ટિફિકેટના નવા નિયમ

દેખાવોમાં સામેલ થશો તો સરકારી નોકરી મેળવવામાં પડશે તકલીફ

ભરતી માટે ચારિત્ર્ય ચકાસણીના નિયમો કડક બનાવાયા

લખનૌ, તા.૨૯

ઉત્તર પ્રદેશમાં સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનો માટે ભરતી સંબંધિત મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં સરકારી નોકરી માટે ઉમેદવારોના ચારિત્ર્યની ચકાસણીના નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે. નવા નિર્દેશો મુજબ, હિંસક પ્રદર્શનો કે આંદોલનોમાં ભાગ લેનારા ઉમેદવારોની ભરતી દરમિયાન તપાસ કરવામાં આવશે. આવી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના આધારે ઉમેદવારને સરકારી નોકરી મળવામાં મુશ્કેલી પડી શકે છે. આ નિર્દેશ ઉત્તર પ્રદેશના નિમણૂક વિભાગના અગ્ર સચિવ એમ. દેવરાજ દ્વારા જારી કરવામાં આવ્યો છે. આ નિયમ રાજ્યના વિવિધ વિભાગો, નિગમો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં થતી ભરતી માટે ઉમેદવારોના ચારિત્ર્યની ચકાસણી પર લાગુ પડશે.

નવા નિયમો મુજબ, ઉમેદવાર સામે માત્ર FIR નોંધાઈ હોય અથવા તપાસ ચાલુ હોય તો તેને આપમેળે સરકારી નોકરી માટે ગેરલાયક જાહેર કરવામાં નહીં આવે. જોકે, આવા કિસ્સાઓમાં ઉમેદવારની પૃષ્ઠભૂમિ અને સંબંધિત પ્રવૃત્તિઓની તપાસ કરવામાં આવશે. પોલીસને ચારિત્ર્ય ચકાસણીનો અહેવાલ ૩૦ દિવસની અંદર આપવાનો રહેશે. નિર્દેશમાં એ પણ જણાવાયું છે કે માત્ર રાજકીય વિચારધારા ધરાવવાના આધારે કોઈ ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકાય નહીં. જોકે, કોઈ પ્રદર્શનમાં હિંસા થઈ હોય અને ઉમેદવાર તેમાં સામેલ હોવાનું સામે આવે તો તેની ભરતી પર અસર પડી શકે છે.

નિર્દેશ અનુસાર, હિંસક રીતે વ્યવસ્થા બદલવાનો પ્રયાસ કરતા સંગઠનો સાથે જોડાયેલા લોકોની પણ તપાસ કરવામાં આવશે. આવી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનું જણાય તો ઉમેદવારને સરકારી નોકરી માટે અયોગ્ય ગણવામાં આવી શકે છે. આદેશમાં ઉલ્લેખ છે કે ૨૧ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ અને તપાસની તારીખથી અગાઉનાં ત્રણ વર્ષ દરમિયાન આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ ઉમેદવાર હજી પણ તેમાં સક્રિય હોવાનો પુરાવો માનવામાં આવી શકે છે. જોકે, આ સમયગાળા દરમિયાન ઉમેદવારના વલણમાં પરિવર્તન આવ્યું હોવાના નક્કર અને સકારાત્મક પુરાવા ઉપલબ્ધ હોય તો તેના આધારે વિચારણા થઈ શકે છે. આ નવા નિર્દેશથી ઉત્તર પ્રદેશમાં સરકારી ભરતી માટે ઉમેદવારોની ચારિત્ર્ય ચકાસણી વધુ મહત્ત્વપૂર્ણ બનશે. ખાસ કરીને વિરોધ પ્રદર્શનો અને આંદોલનોમાં સામેલ રહેલા ઉમેદવારોની પૃષ્ઠભૂમિની તપાસ ભરતી પ્રક્રિયા દરમિયાન કરવામાં આવશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ભાજપનાં તાલુકા યુવા મહામંત્રી દ્વારા

વડિયા : મામલતદાર કચેરીનાં સ્ટાફ કવાર્ટર અને સરકારી બંગલાનાં નવા બાંધકામની માંગ

રાજયકક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયાને રજૂઆત

વડિયા, તા. ૨૯

વડિયા તાલુકાનાં વહીવટી તંત્રને વધુ સુવિધાસભર બનાવવા તેમજ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને યોગ્ય માળખાકીય સુવિધાઓ મળી રહે તે હેતુથી વડિયા મામલતદાર કચેરીનાં સ્ટાફ કવાર્ટર અને મામલતદારનાં સરકારી બંગલાનાં સ્થાને નવા મકાનનું બાંધકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ અંગે વડિયા તાલુકા યુવા ભાજપના મહામંત્રી પ્રતિક હરખાણી દ્વારા ગુજરાત સરકારનાં રાજયકક્ષાનાં મંત્રી તથા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, વડિયા ખાતે આવેલ મામલતદાર કચેરીનાં સ્ટાફ કવાર્ટર તેમજ મામલતદારનાં સરકારી બંગલાની જર્જરિત હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને નવા બાંધકામની જરૂરિયાત ઊભી થઈ છે. સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને યોગ્ય, સુરક્ષિત અને સુવિધાસભર રહેઠાણ મળી રહે તે માટે આ બંને મકાનોનું આધુનિક સુવિધાઓ સાથે નવેસરથી બાંધકામ કરવું જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

સરકારી કર્મચારીઓ વહીવટી કામગીરી સુચારૂ રીતે કરી શકે અને તેમને ફરજ બજાવવાની સાથે રહેવા માટેની યોગ્ય સુવિધા ઉપલબ્ધ થાય તે દિશામાં સ્ટાફ કવાર્ટરનું નવું બાંધકામ મહત્વપૂર્ણ બની શકે છે. આ ઉપરાંત મામલતદારનાં સરકારી બંગલાનાં સ્થાને પણ આધુનિક સુવિધાઓ ધરાવતું નવું મકાન બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

પ્રતિક હરખાણીએ મંત્રીને કરેલી રજૂઆતમાં આ સમગ્ર બાબતને ગંભીરતાથી લઈને સંબંધિત વિભાગનાં અધિકારીઓ મારફતે સ્થળ તપાસ કરાવવા, નવા સ્ટાફ કવાર્ટર અને સરકારી બંગલાનાં બાંધકામ માટે જરૂરી અંદાજ તૈયાર કરાવવા તેમજ વહીવટી મંજૂરી અને ગ્રાન્ટની ફાળવણી માટે યોગ્ય સ્તરે રજૂઆત કરવાની વિનંતી કરી છે.

વધુમાં, આ કામને વહેલી તકે મંજૂરી મળે અને નવા બાંધકામની કામગીરી શરૂ થઈ શકે તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. આ સાથે વડિયા વિસ્તારની આ મહત્વપૂર્ણ માળખાકીય સુવિધા સંબંધિત સમસ્યાનાં નિરાકરણ માટે હકારાત્મક અભિગમ અપનાવી સહયોગ આપવા મંત્રીને અપીલ કરવામાં આવી છે.

આ રજૂઆતની નકલ અમરેલી જિલ્લા કલેકટર, અમરેલીનાં માર્ગ અને મકાન વિભાગનાં સંબંધિત અધિકારી, બગસરાનાં ડેપ્યુટી કલેકટર તથા વડિયા મામલતદારને પણ મોકલવામાં આવી હોવાનું પત્રમાં દર્શાવવામાં આવ્યું છે.

હવે આ રજૂઆતનાં પગલે સંબંધિત વિભાગ દ્વારા સ્થળ તપાસ, અંદાજ તૈયાર કરવાની પ્રક્રિયા અને જરૂરી વહીવટી મંજૂરી અંગે કેવા પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

દિવાળીનાં તહેવારો આવી રહ્યા હોય

જાફરાબાદ નગરપાલિકા દ્વારા શહેરીજનો માટે સફાઈ, લાઈટ, પાણી સહિતની સુવિધાની કામગીરી ધમધમી

શહેરીજનોમાં પાલિકાની કામગીરીની પ્રશંસા

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદ સામાકાંઠા વોર્ડ નં. ૪માં નગરપાલિકા ધ્વારા બાલકૃષ્ણ સોસાયટી વોર્ડ નં. ૪માં જયા જયા અંધારપટ છવાયેલો હતો ત્યાં સ્ટ્રીટ લાઈટનાં પોલ લગાવવામાં આવ્યા છવાએલો અંધારપટ દુર કરી અજવાળુ પાથરવામાંઆવ્યું. અહીંરાત મધરાતે છવાએલા અંધકારમય અને સુમસામ રસ્તાઓના કારણે નાગરિકોને પડતી હાલાકી પાલિકા ઈલેકટ્રીક વિભાગ ધ્વારા દુર કરવામાં આવી છે.

આવી જ રીતે વોટર વકર્સ વિભાગ ધ્વારા પાઈપલાઈન રીપેરીંગ સહિતની કામગીરી થઈ રહે છે.

જાફરાબાદ નગરપાલિકાનાં જુદા–જુદા વોર્ડનાં વિસ્તારો જેવા કે બાલકૃષ્ણ સોસાયટી, હરસિધ્ધા નગર સોસાયટી તેમજ લાલબત્તી વિસ્તાર તથા અન્ય વિસ્તારોની ફરિયાદો સહિતની જુદા–જુદા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટોનાં પોલ નાખી છવાયેલો અંધારપટ દુર કરવામાં આવ્યો હતો તેમજ અન્ય વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો રીપેરીંગ કરવામાં આવી હતી. અને છવાયેલો અંધારપટ દુર કરી અજવાળુ પાથરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આવતા તહેવારોમાં રોશનીથી વિસ્તારો ઝગમગાટ લાવવા માટે નગરપાલિકાની સ્ટ્રીટલાઈટ વિભાગ તનમનથી કામગીરી કરવામાં આવી રહી છે. અને જાફરાબાદ શહેરને રંગબેરંગી લાઈટોથી સુશોભિત કરવામાં આવી રહ્યો છે. પાલિકા ઈલેકટ્રીક વિભાગ તનતોડ મહેનત કરી રહ્યા છે. અને જાફરાબાદ શહેરને વિકાસનાં માર્ગે આગળ વધારી રહ્યા છે.

અમરેલીમાં ર નવેમ્બરે રોજગાર ભરતી મેળાનું આયોજન

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુસર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર હેઠળની જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી દ્વારા અનુબંધમ પોર્ટલના માધ્યમથી સ્વરોજગાર શિબિર તથા ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો તા. ૦૨ નવેમ્બર, ૨૦૨૬ના સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી ખાતે યોજાશે.

આ ભરતીમેળામાં એચ.ડી.એફ.સી. લાઈફ ઈન્સ્યોરન્સ, અમરેલી દ્વારા ડેવલપમેન્ટ મેનેજરની જગ્યા માટે ભરતી કરવામાં આવશે. આ માટે ૧૮થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા સ્ત્રી અને પુરુષ ઉમેદવારો, ધોરણ–૧૨ પાસ અથવા સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે.

પાર્ટ ટાઈમ કામગીરી માટે કમિશન અને ઓફિસ એલાઉન્સ સહિત માસિક રૂ. ૭,૦૦૦થી રૂ. ૨૬,૫૦૦ સુધીનું મહેનતાણું મળવાપાત્ર રહેશે. જયારે ફુલટાઈમ કામગીરી માટે લઘુતમ બે વર્ષનો અનુભવ જરૂરી છે અને વાર્ષિક રૂ. ૩,૧૫,૦૦૦ સુધીનું સી.ટી.સી. નિયમાનુસાર મળવાપાત્ર રહેશે. પસંદગી પામેલા ઉમેદવારોનું કાર્ય સ્થળ અમરેલી જિલ્લો રહેશે.

નોંધનીય છે કે, આ ભરતીમેળા માટે નોકરીદાતા તરફથી દિવ્યાંગ ઉમેદવારો માટે કોઈ જગ્યા નોંધાવવામાં આવેલી નથી. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાનો બાયોડેટા, શૈક્ષણિક લાયકાતનાં મૂળ પ્રમાણપત્રો, અનુભવનું પ્રમાણપત્ર (જો હોય તો), આધારકાર્ડ તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે નિયત સમયે ઉપસ્થિત રહેવું. ભરતીમેળા અંગે વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨– ૨૨૩૩૯૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળનો અનુરોધ

અમરેલી જિલ્લાનાં ખેડૂતો બિયારણ, ખાતર અને જંતુનાશક દવા ખરીદતી વખતે સાવચેત રહે

પાકુ બિલ, લાયસન્સ નંબર સહિતની ચકાસણી કરો

સાવરકુંડલા, તા. ૨૯

શિયાળુ ઋતુની શરૂઆત સાથે જ જિલ્લાના ખેડૂતો દ્વારા ખેતીની તૈયારીઓ અને વાવણીનો ધમધમાટ શરૂ થવામાં છે. આ સમયગાળા દરમિયાન ખેડૂતો અતિશય મહત્વપૂર્ણ એવા બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી કરતા હોય છે. ખેડૂતો છેતરપિંડીથી બચે અને પાકનું ઉત્પાદન સુરક્ષિત રહે તે હેતુસર, ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ખેડૂતોને ખરીદી બાબતે વિશેષ સાવચેતી રાખવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ખેતી માટે જરૂરી એવા આ તમામ ઈનપુટસની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સરકારી સંસ્થાઓ, સહકારી મંડળીઓ અથવા નોંધાયેલા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવી હિતાવહ છે. કોઈપણ પ્રકારની છેતરપિંડીથી બચવા માટે લાયસન્સ વગરના ફેરીયાઓ, અજાણ્યા વેપારીઓ કે અન્ય લેભાગુ તત્વો પાસેથી ખરીદી કરવાનું ટાળવું જોઈએ.

ખરીદી કરતી વખતે ખાસ પ્રયાનમાં રાખો કે વેપારી પાસેથી ખરીદી કરતી વખતે લાયસન્સ નંબર, પૂરૂં નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ તેમજ લોટ નંબર સ્પષ્ટ દર્શાવતું પાકું બિલ વેપારીની સહી સાથે અવશ્ય મેળવી લેવું., મુદત (એસ્પાયરી ડેટ) પૂરી થઈ ગઈ હોય તેવા બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી કયારેય ન કરવી., ખેતીમાં હંમેશાં વૈજ્ઞાનિક ભલામણો અને નિષ્ણાંતોના માર્ગદર્શન મુજબ જ બિયારણ, ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કરવો.

જો સાવરકુંડલા શહેરમાં કે ગ્રામ્ય વિસ્તારમાં કયાંય પણ અનધિકૃત રીતે, શંકાસ્પદ કે ભળતા નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે, તો ખેડૂતોએ ત્વરિત ધોરણે સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીનો સંપર્ક કરી તેની જાણ કરવા અનુરોધ કરાયો છે.

ખેડૂતોની જાગૃતિ જ સમૃદ્ધ ખેતીની સાચી ચાવી છે, જેથી શિયાળુ સીઝનમાં દરેક ખેડૂત મિત્રોએ સાવચેતીપૂર્વક ખરીદી કરવા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

લીલીયા મોટા : ગુજરાત વિદ્યાપીઠની ''પોષણ યાત્રા''નાં પદયાત્રીઓનું સ્વાગત કરાયું

લીલીયા મોટા મહાત્મા ગાંધીજી દ્વારા ઈ.સ. ૧૯૨૦માં સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા આયોજિત ''પોષણયુક્ત આહાર–તંદુરસ્ત પરિવાર'' પોષણ યાત્રા અંતર્ગત પદયાત્રી તાલીમાર્થીઓએ લીલીયા મોટા સ્થિત સરકારી વિનયન અને વાણિજય કોલેજની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પોષણ યાત્રામાં જોડાયેલાં તાલીમાર્થી બહેનો કુ. બંસીબેન અને કુ. દ્રષ્ટિબેને કોલેજનાં વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહારનું મહત્વ, સંતુલિત ભોજન અને તંદુરસ્ત જીવનશૈલી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂ પાડયુંહતું. તેમણે સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પોષક તત્વોથી ભરપૂર આહાર અપનાવવાની જરૂરિયાત સમજાવી હતી. તેમના માર્ગદર્શક વક્તવ્યથી વિદ્યાર્થીઓમાં પોષણ અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવાઈ હતી. કોલેજ ખાતે પધારેલા પદયાત્રીઓનું આચાર્ય તથા સમગ્ર સ્ટાફગણ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરીને હાર્દિક સ્વાગત કરવામાં આવ્યુંહતું. કાર્યક્રમનાં અંતે વિદ્યાર્થીઓએ પોષણયુક્ત આહાર અપનાવી સ્વસ્થ જીવનશૈલી જાળવવાનો સંકલ્પ લીધો હતો. આ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી કાર્યક્રમ બદલ કોલેજ પરિવાર દ્વારા ગૂર્જરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા તાલીમાર્થી બહેનો કુ. બંસીબેન અને કુ. દ્રષ્ટિબેનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

દિવાળીમાં મોટા પ્રમાણમાં ખેતજણસની હેરફેર શરૂ

ચાવંડ નજીક કપાસ ભરેલ ટ્રકને રોકવામાં આવતાં સાંસદે દરમિયાનગીરી કરી

ખોટી રીતે કોઈને પરેશાન ન કરવા આરટીઓને તાકીદ કરી

અમરેલી, તા. ૨૯

લાઠી તાલુકાના ચાવંડ ગામ નજીક ખેડૂતની કપાસ ભરેલી ગાડીને આર.ટી.ઓ. અધિકારી દ્વારા રોકવામાં આવતાં મામલો ગરમાયો હતો. કપાસ ભરેલી ગાડી રોકાતાં ખેડૂતે અમરેલીના સાંસદ ભરત સુતરીયાનો સંપર્ક કરતાં સાંસદે આરટીઓના અધિકારીને ફોન કરીને પોતાની નારાજગી વ્યકત કરી હતી. ખેડૂતોના મુદ્દે સાંસદ આક્રમક અંદાજમાં જોવા મળતાં આ ઘટનાએ સ્થાનિક સ્તરે ચર્ચા જગાવી છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર, ચાવંડ ગામ નજીક આર.ટી.ઓ.ના અધિકારીએ એક ખેડૂતની કપાસ ભરેલી ગાડી રોકતાં ખેડૂતે આ અંગે સાંસદ ભરત સુતરીયાને ફોન કર્યો હતો. ત્યારબાદ સાંસદે સંબંધિત આર.ટી.ઓ. અધિકારીનો સંપર્ક કરીને સ્પષ્ટ શબ્દોમાં વાત કરી હતી. તેમણે અધિકારીને કહ્યું હતું કે, જે હાજર છે તે ઉપલા અધિકારી સાથે વાત કરી લેજો, મારે વાત કરવાની જરૂર નથી.

સાંસદે આગામી દિવાળીના તહેવાર દરમિયાન પણ સુરત સહિત અન્ય સ્થળોએથી અમરેલી જિલ્લામાં આવતા લોકોને બિનજરૂરી અડચણ કે હેરાનગતિ ન થાય તેની તકેદારી રાખવા તાકીદ કરી હતી. તેમણે દસ્તાવેજી પ્રક્રિયા માટે વાહન રોકવાની બાબતને અલગ ગણાવી હતી, પરંતુ કોઈ યોગ્ય કારણ વિના લોકોને રોકવા કે લાંબા સમય સુધી ઊભા રાખવા સામે વાંધો વ્યકત કર્યો હતો.

સાંસદે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, દસ્તાવેજી પ્રક્રિયા હોય તો અલગ વાત છે, બાકી કારણ વગર ખોટી રીતે કોઈને રોકવા કે ઊભા રાખવા અમરેલીને પોસાય નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી આર.ટી.ઓ. કચેરીના અધિકારીઓની કામગીરીને લઈને છેલ્લા કેટલાક સમયથી વિવિધ મુદ્દાઓ ચર્ચામાં આવતા રહ્યા છે. ત્યારે દિવાળીના તહેવારો પૂર્વે ખેડૂતની કપાસ ભરેલી ગાડી રોકવાના મામલે સાંસદે અધિકારીને ફોન કરતાં આ મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

શાયરીના અંદાજમાં પોતાની વાત રજૂ કરવા માટે જાણીતા સાંસદ ભરત સુતરીયા આ વખતે ખેડૂતોના મુદ્દે કડક વલણ સાથે સામે આવ્યા હતા. જોકે, ગાડી કયા ચોક્કસ કારણસર રોકવામાં આવી હતી અને આર.ટી.ઓ. વિભાગનો આ મામલે શું પક્ષ છે, તે અંગે સત્તાવાર વિગતો સામે આવવાની બાકી છે.

વિકાસની મસમોટી ગુલબાંગો વચ્ચેની વાસ્તવિકતા

સાવરકુંડલાથી વિજયાનગર સુધીનો માર્ગ અસ્તિત્વ ગુમાવી રહ્યો છે : માર્ગ-મકાનને કશી ખબર જ નથી

પૂર્વ ધારાસભ્ય સ્વ. વી.વી. વઘાસીયાની જન્મભૂમિનાં માર્ગનું કલ્યાણ કરો

સાવરકુંડલા, તા. ૨૯

આજનાં ડિજિટલ યુગમાં અને ચારેય તરફ થઈ રહેલા ''વિકાસ''નાં મોટા–મોટા અને ગુલાબી ગુલાબી દાવાઓ વચ્ચે સાવરકુંડલાથી વિજયાનગર તરફ જતો રસ્તો વર્તમાન શાસકો અને નેતાઓની પોલ ખોલતો એક મોટો અરીસો બની ગયો છે. સત્તાનાં નશામાં મસ્ત તંત્ર અને નેતાઓ વિકાસના ખોટા તાઈફાઓ યોજવામાં વ્યસ્ત છે, જયારે વાસ્તવિકતા એ છે કે સાવરકુંડલાથી વિજયાનગર જતો રોડ છેલ્લા કેટલાય વર્ષોથી પોતાનું અસ્તિત્વ જ ગુમાવી ચૂકયો છે. ! અહીં રોડ પર ડામર કે માટીનું નામિશાન નથી, માત્ર મોતને આમંત્રણ આપતા ઊંડા ખાડાઓ જ બચ્યા છે !

આ પ્રદેશનાં વિકાસ માટે હરહંમેશ ચિંતિત રહેનારા અને લોકહૈયામાં વસેલા પ્રજાનાં સાચા સેવક તથા પૂર્વ કૃષિમંત્રી સ્વ. વી.વી. વાઘાસિયાનાં અવસાન બાદ જાણે વિજયાનગર ગામનો નકશામાંથી જ સંપર્ક કાપી નાખવામાં આવ્યો હોય તેવી કમનસીબ સ્થિતિ સર્જાઈ છે. તેઓની ગેરહાજરીમાં હવે આ વિસ્તારના પ્રશ્નો સાંભળનાર કે તેને વાચા આપનાર કોઈ જવાબદાર નેતા બચ્યા નથી, પરિણામે તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ ચરમસીમાએ પહોંચી ગઈ છે.

રોડની આ દુર્દશા જોઈને સ્થાનિક જનતા કટાક્ષમાં કહી રહી છે કે, નેતાઓ જે ''બુલેટ ટ્રેન'' અને ''સ્માર્ટ રોડ''નાં દાવા કરે છે, કદાચ તે વિજયાનગરવાસીઓ માટે નથી ! શું નેતાઓ એટલું પણ નથી સમજી શકતા કે ગાડી ચલાવવા માટે વ્યવસ્થિત રોડ હોવો જરૂરી છે, કોઈ ક્રેશ ટેસ્ટિંગ ગ્રાઉન્ડ નહીં ? ચૂંટણીમાં મત માંગવા માટે હાથ જોડીને દોડી આવતા નેતાઓ આજે આ ખરાબ રસ્તા પર એક આંટો મારવાની હિંમત કેમ નથી કરતા ? તે એક મોટો સવાલ છે.

ગામલોકો દ્વારા અવાર નવાર સંબંધિત તંત્ર અને નેતાઓ સમક્ષ રજૂઆતો કરવા છતાં માત્ર કાગળ પરના વચનો અને આશ્વાસનો સિવાય કશું જ મળ્યું નથી. રોડની આ અત્યંત ખરાબ હાલતને કારણે સગર્ભા મહિલાઓ કે ગંભીર બીમાર દર્દીઓ માટે એમ્બ્યુલન્સ સમયસર ગામ સુધી પહોંચી શકે તેવી પણ સ્થિતિ રહી નથી.

શું જનતાનાં ટેકસનાં પૈસાથી ચાલતી સરકાર અને પ્રશાસનની જવાબદારી એટલી પણ નથી કે તેઓ નાગરિકોને ચાલવા માટે એક સામાજિક અને સુરક્ષિત રસ્તો પણ

આપી શકે ? વિજયાનગરનાં આ લાચાર ગ્રામજનો કયાં સુધી આ ખાડાટેકરા અને હાડમારીઓ સહન કરતા રહેશે ? જયારે જનતાની આ વેદનાની વાત આવે ત્યારે હિન્દી ફિલ્મનું એ પ્રખ્યાત ગીત સાર્થક થાય છે ''એક યુગ આયે, એક યુગ જાયે, ન કિસ્મત બદલે, ન બદલેનસીબ.'' હવે માત્ર એ જોવાનું બાકી છે કે, બહેરા બની ગયેલા નેતાઓના કાન સુધી આ અવાજ કયારે પહોંચે છે અને કયારે આ માર્ગનું નસીબ બદલાય છે !

જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી

બાબરા : અમરાપરા ગામમાં બક્ષીપંચ સમાજને સરપંચની બેઠકમાં અનામત આપવા ગ્રામજનોની માંગ

૯૦ ટકા ઓબીસી વસ્તી હોવા છતાં બક્ષીપંચ અનામતનો લાભ ન મળતો હોવાનો આક્ષેપ

બાબરા, તા. ૨૯

બાબરા તાલુકાના અમરાપરા ગામમાં સરપંચની બેઠક અનામત જાહેર કરવા મુદ્દે ગ્રામજનો દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. ગામમાં બક્ષીપંચ સમાજની વસ્તી નોંધપાત્ર હોવા છતાં સરપંચની બેઠક સામાન્ય કે બિનઅનામત રાખવામાં આવતી હોવાનો આક્ષેપ કરી બક્ષીપંચ સમાજને ન્યાય મળે તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

અમરાપરા ગામના આગેવાનો અને ગ્રામજનો દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી–વ–જિલ્લા કલેકટર, અમરેલીને પાઠવવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ, ગામમાં અંદાજે ૯૦ ટકા જેટલી ઓબીસી વસ્તી હોવા છતાં સરપંચની બેઠક સામાન્ય કેટેગરીમાં રાખવામાં આવતી હોવાની રજૂઆત કરવામાં આવી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, અગાઉ પણ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી, તેમ છતાં બક્ષીપંચ સમાજને અનામતનો લાભ મળ્યો નથી.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, ગામમાં બક્ષીપંચ સમાજની વસ્તી વધુ હોવા છતાં સરપંચની બેઠક અનામત ન રાખવામાં આવતાં સમાજના લોકોને યોગ્ય પ્રતિનિધિત્વ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. આથી ગામની વસ્તી અને લાગુ પડતા અનામતના નિયમોને ધ્યાનમાં રાખીને સરપંચની બેઠકની અનામત પ્રક્રિયાની યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ગ્રામજનો દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારીને વિનંતી કરવામાં આવી છે કે, અમરાપરા ગામની વસ્તીની વિગતો અને લાગુ પડતા સરકારી નિયમો ચકાસીને સરપંચની બેઠકની અનામત અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે, જેથી બક્ષીપંચ સમાજને ન્યાય મળે અને સમાજના લોકોને લોકશાહી પ્રક્રિયામાં યોગ્ય પ્રતિનિધિત્વની તક મળી શકે.

આ રજૂઆતમાં અમરાપરા ગામના આગેવાન સુરેશભાઈ દેવાભાઈ ઘાખડા સહિત ગ્રામ પંચાયતના સભ્યો અને અન્ય આગેવાનોએ સહીઓ કરીને બક્ષીપંચ સમાજના હિતમાં યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

''મુખ્યમંત્રી કૃષિ યાંત્રિકીકરણ યોજના'' હેઠળ

અમરેલી જિલ્લાના ખેડૂતો માટે ખેત ઓજારો અને સાધનોની ખરીદીની પૂર્વ મંજૂરી પ્રક્રિયા શરૂ

ખેત ઓજારોની ખરીદી કરી દસ્તાવેજો આઈ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરો

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના ખેડૂતોને વર્ષ ૨૦૨૬–૨૭ દરમિયાન મુખ્યમંત્રી કૃષિ યાંત્રિકીકરણ યોજના હેઠળ ખેત ઓજારો અને સાધનોની ખરીદી માટે સહાય મળી રહે તે હેતુથી પૂર્વમંજૂરી આપવાની કામગીરી હાલ ચાલુ છે. આ યોજના અંતર્ગત એ.જી.આર.–૨ (સામાન્ય ખેડૂતો) અને એ.જી. આર.–૪ (અનુસૂચિત જાતિના ખેડૂતો) હેઠળ પાત્ર ખેડૂતોને પૂર્વમંજૂરી અંગેની જાણ મોબાઈલ પર એસ.એમ.એસ દ્વારા કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, ગ્રામ સેવકઓ (ખેતી) દ્વારા પણ ખેડૂતોને પૂર્વમંજૂરી વિતરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ અંગે ખેડૂતોને ખાસ જણાવવામાં આવે છે કે, જે ખેડૂતોને ખેત ઓજારો કે સાધનોની ખરીદી માટે પૂર્વમંજૂરી મળી છે, તેમણે આઈ– ખેડૂત પોર્ટલ ૨.૦ પર દર્શાવવામાં આવેલા માન્ય મોડેલ પૈકીના મોડેલની જ ખરીદી કરવાની રહેશે. પૂર્વમંજૂરી મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર ખરીદીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ખરીદી કર્યા બાદ સંબંધિત સાધનનાં જરૂરી દસ્તાવેજો આઈ– ખેડૂત પોર્ટલ પર અપલોડ કરી દરખાસ્ત તાલુકા કક્ષાએ મોકલી આપવાની રહેશે.

આ યોજનાના અમલીકરણ અંતર્ગત વધુ માર્ગદર્શન અને માહિતી મેળવવા માટે અમરેલી જિલ્લાના ખેડૂતોને સંબંધિત તાલુકાની ખેતીવાડી કચેરીનો સંપર્ક કરી ગ્રામસેવક (ખેતી) અથવા વિસ્તરણ અધિકારી (ખેતી) પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવવા અનુરોધ કરવામાં આવે છે.

બાબરા : રોશનબા વિક્રમસિંહ વાળાએ નેશનલ રેકોર્ડ તોડી ગોલ્ડ મેડલ જીત્યો

બાબરા, તા. ૨૯

ચેન્નાઈ, તમિલનાડુ ખાતે તા. ૨૩થી ૨૭ ઓકટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી ૪૧મી જુનિયર નેશનલ એથ્લેટિકસ ચેમ્પિયનશિપમાં અંડર–૨૦ કેટેગરીની ૪૨૧૦૦ મીટર મિકસ્ડ રિલે સ્પર્ધામાં રોશનબા વિક્રમસિંહ વાળાએ શાનદાર પ્રદર્શન કરીને નવો નેશનલ રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

મૂળ વતન સિહોર ધરાવતાં અને હાલમાં બાબરા ખાતે રહેતાં રોશનબા વિક્રમસિંહ વાળાએ પોતાની ટીમ સાથે ૪૪.૩૭ સેકન્ડનાં સમય સાથે સ્પર્ધા પૂર્ણ કરીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

તેમની આ ઐતિહાસિક સિદ્ધિથી સમગ્ર ગુજરાતનું ગૌરવ વધ્યું છે. રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સફળતા મેળવીને રોશનબાએ પોતાની પ્રતિભા અને રમતગમત પ્રત્યેની મહેનતનો પરિચય આપ્યો છે.

રોશનબાની આ સફળતા યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

MBBS પ્રવેશ મુદ્દે ગુજરાત હાઇકોર્ટનો મહત્વનો ચુકાદો

ગુજરાતમાં જન્મેલા વિદ્યાર્થીને પણ સ્ટેટ ક્વોટાનો લાભ નહીં! ધોરણ ૧૦ અને ૧૨ અન્ય રાજ્યમાંથી પાસ કરનારની અરજી ફગાવાઈ

અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં MBBSમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે રાજ્યના પ્રવેશ નિયમોને લગતો એક મહત્વપૂર્ણ ચુકાદો સામે આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ધોરણ ૧૦ અને ૧૨ અન્ય રાજ્યમાંથી પાસ કરનાર વિદ્યાર્થીને ગુજરાતના સ્ટેટ ક્વોટા હેઠળ પ્રવેશ આપવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. વિદ્યાર્થીનો જન્મ ગુજરાતમાં થયો હોવા છતાં અને NEETમાં સારા ગુણ મેળવ્યા હોવા છતાં તેને રાજ્યના પ્રવેશ નિયમો મુજબ સ્થાનિક વિદ્યાર્થી તરીકેનો લાભ મળ્યો નહોતો.

આ કેસમાં ખાનગી બેંકમાં ફરજ બજાવતા એક SC કેટેગરીના અધિકારીના પુત્રએ ગુજરાતમાં MBBS પ્રવેશ માટે સ્ટેટ ક્વોટા હેઠળ અરજી કરી હતી. વિદ્યાર્થીનો જન્મ ગુજરાતમાં થયો હતો, પરંતુ પિતાની નોકરીમાં બદલી થતાં પરિવાર મહારાષ્ટ્રના પુણેમાં રહેવા ગયો હતો. પરિણામે, વિદ્યાર્થીએ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નો અભ્યાસ મહારાષ્ટ્રમાંથી પૂર્ણ કર્યો હતો.

ત્યારબાદ વિદ્યાર્થીએ NEET પરીક્ષામાં સારા ગુણ મેળવ્યા હતા. તેમ છતાં, ગુજરાતના પ્રવેશ નિયમો હેઠળ તેને સ્ટેટ ક્વોટા માટે લાયક ગણવામાં આવ્યો નહોતો. આ નિર્ણયને પડકારતાં વિદ્યાર્થીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી.

વિદ્યાર્થી તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેનો જન્મ ગુજરાતમાં થયો છે અને તેની પાસે ગુજરાત સાથે સંબંધિત ડોમિસાઈલનો આધાર છે. પિતાની નોકરીમાં બદલી થવાને કારણે તેણે અન્ય રાજ્યમાં અભ્યાસ કર્યો હોવાથી તેને ગુજરાતના સ્ટેટ ક્વોટાથી વંચિત રાખવો યોગ્ય નથી. રાજ્ય સરકાર તરફથી પ્રવેશના નિયમોનો હવાલો આપવામાં આવ્યો હતો. સરકારની રજૂઆત મુજબ, અન્ય રાજ્યમાં અભ્યાસ કરનારા અમુક ચોક્કસ વર્ગના કર્મચારીઓનાં બાળકો માટે જ નિયમોમાં છૂટછાટની જોગવાઈ છે.

આ છૂટછાટમાં રાજ્ય સરકારના ચોક્કસ કર્મચારીઓ તથા ONGC કે નેવી જેવી નિર્ધારિત સંસ્થાઓના કર્મચારીઓનાં બાળકોનો સમાવેશ થતો હોવાનું જણાવાયું હતું. ખાનગી બેંકમાં નોકરી કરતા કર્મચારીના પુત્રને આ જોગવાઈ હેઠળ છૂટછાટ મળતી ન હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ડિવિઝન બેન્ચે સિંગલ જજના નિર્ણયને યથાવત રાખ્યો હતો. અહેવાલ મુજબ, ધોરણ ૧૦ અને ૧૨ અન્ય રાજ્યમાંથી પાસ કરનાર વિદ્યાર્થીને પ્રવર્તમાન પ્રવેશ નીતિ હેઠળ ગુજરાતના સ્ટેટ ક્વોટાનો લાભ મળી શકે નહીં, તેવો નિર્ણય આપવામાં આવ્યો હતો.

આ ચુકાદો દર્શાવે છે કે ગુજરાતમાં જન્મ થયો હોવો અથવા ગુજરાત સાથે ડોમિસાઈલનો સંબંધ હોવો માત્રથી સ્ટેટ ક્વોટા હેઠળ પ્રવેશની પાત્રતા આપમેળે નક્કી થતી નથી. ધોરણ ૧૦ અને ૧૨ ક્યાંથી પાસ કર્યાં છે તથા પ્રવેશ નીતિમાં કઈ છૂટછાટ લાગુ પડે છે તે પણ મહત્ત્વનું બની શકે છે.

જોકે, દરેક વિદ્યાર્થીની પાત્રતા તેના સંજોગો અને લાગુ પડતા પ્રવેશ નિયમો પર આધારિત રહેશે. તેથી MBBSમાં ગુજરાતના સ્ટેટ ક્વોટા હેઠળ પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયાની સત્તાવાર માર્ગદર્શિકા અને લાગુ પડતી શરતો તપાસવી જરૂરી છે.

દેવાના બોજ હેઠળ વેપારીએ રચી લૂંટની કહાની!

અમદાવાદમાં ૧૫ લાખની લૂંટની ફરિયાદ નીકળી ખોટી

CCTV, ટેક્નિકલ તપાસ અને FSLની મદદથી ભેદ ઉકેલાયો, હવે વેપારી સામે કાયદેસરની કાર્યવાહી

અમદાવાદ,તા.૨૯

અમદાવાદના શાહપુર વિસ્તારમાં ૧૫ લાખની લૂંટ થઈ હોવાની ફરિયાદનો ચોંકાવનારો ખુલાસો થયો છે. મિરઝાપુરના પ્રીમિયર શોપિંગ સેન્ટર નજીક ચાર અજાણ્યા શખ્સોએ ચપ્પાના ઘા મારીને રોકડ રકમ લૂંટી લીધી હોવાનો દાવો કરનાર વેપારીએ જ આ સમગ્ર ઘટના ઊભી કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ, ભારે આર્થિક સંકડામણ અને દેવાની ચુકવણીના દબાણને કારણે વેપારીએ પોતાની જાતને ઈજાઓ પહોંચાડી લૂંટની ખોટી કહાની રચી હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, વેપારીએ ફરિયાદ નોંધાવી હતી કે મિરઝાપુરના પ્રીમિયર શોપિંગ સેન્ટર નજીક ચાર અજાણ્યા શખ્સોએ તેના પર હુમલો કર્યો હતો અને ૧૫ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં વેપારીના હાથ અને પેટના ભાગે ચપ્પાના ઘા વાગ્યા હોવાની પણ જાણ કરવામાં આવી હતી.

ગંભીર હુમલો અને મોટી રકમની લૂંટની ફરિયાદને પગલે શાહપુર પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે ઘટનાની હકીકત જાણવા માટે તપાસ શરૂ કરી અને આસપાસના સીસીટીવી ફૂટેજ એકત્રિત કર્યા હતા. પોલીસ તપાસ દરમિયાન વેપારીની આર્થિક સ્થિતિ અંગે મહત્ત્વની વિગતો સામે આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, વેપારીને બેંક લોન અને વીંસીના મળીને કુલ આશરે ૨૨.૫૦ લાખ ચૂકવવાના બાકી હતા. આર્થિક સંકડામણને કારણે તે દેવાની ચુકવણીના દબાણ હેઠળ હતો.

તપાસમાં પોલીસને શંકા જતાં સમગ્ર ઘટનાની વિવિધ પાસાંથી ચકાસણી કરવામાં આવી હતી. પોલીસના દાવા મુજબ, દેવામાંથી છૂટકારો મેળવવાના પ્રયાસમાં વેપારીએ પોતાની જાતને ઈજાઓ પહોંચાડી અને અજાણ્યા શખ્સોએ લૂંટ કરી હોવાની ખોટી ફરિયાદ નોંધાવી હતી. આ કેસનો ભેદ ઉકેલવા શાહપુર પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની મદદ લીધી હતી. એકત્રિત પુરાવા અને તપાસના આધારે પોલીસના જણાવ્યા મુજબ, લૂંટની ફરિયાદમાં દર્શાવવામાં આવેલી ઘટના વાસ્તવિક લૂંટ નહોતી, પરંતુ વેપારીએ ઊભી કરેલી ખોટી કહાની હતી.

આ ખુલાસા બાદ ૧૫ લાખની લૂંટનો મામલો નવો વળાંક લઈ ગયો છે. શરૂઆતમાં હુમલો અને લૂંટનો ગંભીર ગુનો જણાતો આ કેસ તપાસમાં બનાવટી ફરિયાદનો મામલો હોવાનું સામે આવ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, ખોટી લૂંટની ફરિયાદ નોંધાવી તપાસને અન્ય દિશામાં દોરવાના મામલે હવે વેપારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શાહપુર પોલીસ દ્વારા કોર્ટમાં 'બી-સમરી વિથ પ્રોસિક્યુશન'ની કાર્યવાહી કરવાની વાત પણ જણાવવામાં આવી છે.આ ઘટનાએ દેવાના દબાણ અને આર્થિક સંકડામણ વચ્ચે ખોટો રસ્તો અપનાવવાના ગંભીર પરિણામો સામે લાવ્યા છે. હવે પોલીસની આગળની કાર્યવાહી અને કોર્ટમાં રજૂ થનારા પુરાવાઓના આધારે કેસમાં કાયદાકીય પ્રક્રિયા આગળ વધશે.

મોંઘવારીનું વધતું દબાણ ચિંતાજનક

બીજા ક્વાર્ટરમાં દેશનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર ૭.૩૫% રહેવા અંદાજ

વધતી મોંઘવારી, ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો અને વૈશ્વિક આર્થિક મંદીની આશંકાએ ચિંતા વધારી છે

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય અર્થતંત્ર વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ મજબૂત ગતિ જાળવી રાખે તેવી શક્યતા છે. નાણા મંત્રાલયના તાજેતરના આર્થિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટરમાં દેશનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર ૭.૩૫ ટકા રહેવાનો અંદાજ છે. જોકે, વધતી મોંઘવારી, ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો અને વૈશ્વિક આર્થિક મંદીની આશંકાએ ચિંતા વધારી છે.

નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે નાઉકાસ્ટિંગ મોડલના આધારે બીજા ક્વાર્ટરમાં ૭.૩૫ ટકા વૃદ્ધિનો અંદાજ વ્યક્ત કર્યો છે.

આ અગાઉ પ્રથમ ક્વાર્ટરમાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭.૮ ટકા નોંધાયો હતો. બીજા ક્વાર્ટરમાં વૃદ્ધિદર થોડો નીચો રહેવાની સંભાવના હોવા છતાં દેશનું અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ઔદ્યોગિક ઉત્પાદન, વીજળીનો વપરાશ, બંદરો પર માલસામાનની હેરફેર, GST વસૂલાત અને વાહનોના વેચાણ જેવા આર્થિક સૂચકાંકોમાં સુધારો જોવા મળ્યો હોવાનું અહેવાલમાં નોંધાયું છે. આ પરિબળો દેશની આર્થિક પ્રવૃત્તિને ટેકો આપી રહ્યાં છે.

આર્થિક વૃદ્ધિના સકારાત્મક સંકેતો વચ્ચે મોંઘવારીનો મુદ્દો ચિંતાજનક બન્યો છે. અહેવાલમાં દર્શાવેલા આંકડા મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૬માં છૂટક મોંઘવારી દર વધીને ૫.૫૪ ટકા થયો હતો. ઓગસ્ટની સરખામણીએ તેમાં ૦.૭૧ ટકાના પોઈન્ટનો વધારો નોંધાયો હતો.

ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો મોંઘવારી પાછળનું મુખ્ય કારણ ગણાવવામાં આવ્યું છે. સપ્ટેમ્બરમાં ખાદ્ય મોંઘવારીનો દર ૭.૭૪ ટકા રહ્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ખાદ્ય ચીજવસ્તુઓ અને ઈંધણના ભાવમાં સતત વધારો થાય તો સામાન્ય પરિવારોના ઘરખર્ચ પર દબાણ વધી શકે છે.

નાણા મંત્રાલયે આગામી મહિનાઓ માટે ચાર મુખ્ય જોખમો તરફ ધ્યાન દોર્યું છે. તેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવ, ખાદ્ય મોંઘવારી, ખરીફ પાકના ઉત્પાદન અંગેની અનિશ્ચિતતા અને વૈશ્વિક આર્થિક મંદીનો સમાવેશ થાય છે. ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી આયાત ખર્ચ અને પરિવહન ખર્ચ વધી શકે છે. બીજી તરફ, ખરીફ પાકના ઉત્પાદનમાં ઘટાડો થાય તો ખાદ્ય પદાર્થોના પુરવઠા પર અસર પડવાની શક્યતા રહે છે. વૈશ્વિક અર્થતંત્રની ધીમી ગતિ ભારતના વેપાર અને નિકાસ માટે પણ પડકાર ઊભો કરી શકે છે.

ભારતના આર્થિક વિકાસ અંગે વિવિધ સંસ્થાઓએ સકારાત્મક અંદાજ વ્યક્ત કર્યા છે. નાણા મંત્રાલયે બીજા ક્વાર્ટર માટે ૭.૩૫ ટકાની વૃદ્ધિનો અંદાજ આપ્યો છે, જ્યારે IMFએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૭ ટકા, વિશ્વ બેંકે ૭.૧ ટકા, OECDએ ૭.૧ ટકા અને ઈમેએ ૭.૧ ટકા વૃદ્ધિનો અંદાજ દર્શાવ્યો હોવાનું લેખમાં જણાવાયું છે.

જોકે, નાણા મંત્રાલયનો આંકડો એક ક્વાર્ટર માટેનો છે, જ્યારે અન્ય સંસ્થાઓના આંકડા આખા નાણાકીય વર્ષ માટેના અંદાજ છે. તેથી આ આંકડાઓની સરખામણી કરતી વખતે સમયગાળાનો તફાવત ધ્યાનમાં લેવો જરૂરી છે.

જ્વેલરી શોપ્સમાં એડવાન્સ બુકિંગ શરૂ

સુરતમાં સોના-ચાંદીના ભાવ ઘટતાં બજારમાં ખરીદીનો ધમધમાટ

તહેવારોની સિઝન નજીક આવતાં સુરતના ઝવેરી બજારમાં વેપારીઓને ખરીદી વધવાની આશા છે

સુરત,તા.૨૯

દિવાળી અને લગ્નસરાની સિઝન પહેલાં ગ્રાહકો સોનું-ચાંદી ખરીદવા ઉત્સુક; સોનાનો ભાવ આશરે ૧.૪૫ લાખ અને ચાંદીનો ભાવ ૧.૯૦ લાખની આસપાસ પહોંચ્યાનો અહેવાલ, ભાવમાં ફરી ઉછાળાની આશંકા વચ્ચે ઝવેરી બજારમાં રોનક

ગુજરાતના સુરત શહેરમાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાતાં ઝવેરી બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. દિવાળી, ધનતેરસ અને આગામી લગ્નસરાની સિઝનને ધ્યાનમાં રાખીને ગ્રાહકો અત્યારથી જ સોના-ચાંદીના ઘરેણાં ખરીદવા માટે જ્વેલરી શોપ્સમાં પહોંચી રહ્યા છે. ભાવમાં ઘટાડાનો લાભ લેવા માટે કેટલાક ગ્રાહકો દ્વારા એડવાન્સ બુકિંગ પણ કરાવવામાં આવી રહ્યું છે. તહેવારોની સિઝન નજીક આવતાં સુરતના ઝવેરી બજારમાં વેપારીઓને ખરીદી વધવાની આશા છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ, તાજેતરમાં સોનાનો ભાવ આશરે ૧.૪૫ લાખ અને ચાંદીનો ભાવ ૧.૯૦ લાખની આસપાસ પહોંચ્યો છે. જોકે, આ ભાવ કયા વજન અને કઈ શુદ્ધતા માટે છે તેની સ્પષ્ટતા જરૂરી છે. સોના-ચાંદીના વાસ્તવિક ભાવ શુદ્ધતા, સ્થાનિક બજાર, GST અને અન્ય લાગુ પડતા ચાર્જના આધારે અલગ હોઈ શકે છે.

આંતરરાષ્ટ્રીય આર્થિક પરિસ્થિતિ, ડોલર ઈન્ડેક્સમાં થતી વધઘટ અને બજારમાં પ્રોફિટ બુકિંગ સહિતનાં પરિબળો કિંમતી ધાતુઓના ભાવને અસર કરી શકે છે. તાજેતરના ઘટાડાને પગલે ખરીદદારોને સોનું અને ચાંદી ખરીદવાની તક મળી હોવાનું બજાર સાથે સંકળાયેલા લોકો માની રહ્યા છે. સામાન્ય રીતે સોનાને સુરક્ષિત રોકાણના વિકલ્પ તરીકે જોવામાં આવે છે, જ્યારે ચાંદીનો ઉપયોગ ઘરેણાં ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રોમાં પણ થાય છે. તેથી બંને ધાતુઓના ભાવ પર વૈશ્વિક માંગ, પુરવઠો, ચલણની સ્થિતિ અને રોકાણકારોના વલણની અસર પડે છે.

તહેવારો દરમિયાન સોનું ખરીદવાની પરંપરાને કારણે પુષ્ય નક્ષત્ર, ધનતેરસ અને દિવાળી જેવા પ્રસંગોએ ઝવેરી બજારમાં સામાન્ય રીતે ખરીદી વધે છે. આ વખતે ભાવમાં ઘટાડો થતાં ગ્રાહકો અગાઉથી ઘરેણાં પસંદ કરી બુકિંગ કરાવી રહ્યા હોવાનો અહેવાલ છે.

સ્થાનિક ઝવેરી વીરેન ચોકસીના જણાવ્યા અનુસાર, તહેવારો પહેલાં ભાવમાં ઘટાડો ગ્રાહકો માટે ખરીદીની અનુકૂળ તક બની શકે છે. ખાસ કરીને લગ્ન માટે ઘરેણાં ખરીદનારા પરિવારો બજારના ભાવ પર નજર રાખી રહ્યા છે.

આગામી લગ્નસરાની સિઝનમાં સોના-ચાંદીની માંગ વધવાની સંભાવના છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતી ધાતુઓની માંગ વધે, ડોલરમાં નબળાઈ આવે અથવા અન્ય વૈશ્વિક પરિબળો અનુકૂળ બને, તો સોના-ચાંદીના ભાવમાં ફરી વધારો થઈ શકે છે. જોકે, ભાવમાં મોટો ઉછાળો આવશે તેની ખાતરી આપી શકાય નહીં, કારણ કે બજારમાં ઘટાડો પણ ચાલુ રહી શકે છે.

ડિજિટલ અરેસ્ટની ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટનું કડક વલણ

પીડિતોના સંપૂર્ણ રુપિયા બેન્કમાંથી અપાવવા માટેની વ્યવસ્થા બનાવો

મળતી માહિતી અનુસાર, બાબરા તાલુકાના મીયા ખીજડીયા ગામે રહેતા ધવલ દિલીપભાઈ ગરણીયા (ઉંમર વર્ષ ૧૯) ગઈકાલે સાંજે ૬:૩૦ વાગ્યા આસપાસ મોટર સાયકલ લઈને આંબલીધાર તરફ જતો હતો. ત્યારે રસ્તામાં કોઈ અજાણ્યા છકડો રીક્ષાના ચાલકે બાઈકને હડફેટે લેતા યુવક ગંભીર રીતે ઘવાયો હતો. જેને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે પ્રથમ આટકોટ હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

આ બનાવમાં બાબરા પોલીસનો સ્ટાફ રાજકોટ દોડી ગયો હતો. મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પરિવારે જણાવ્યા મુજબ, ધવલ બે ભાઈમાં સૌથી નાનો હતો અને ખેતી કામ કરતો હતો. તેમના પિતા દિલીપભાઈ પણ ખેતી કામ કરે છે. તેમના કોઈ પરિચિતનું સાડીનું પાર્સલ સુરતથી આવેલ હતું તે આપવા માટે ધવલ આંબલીધાર જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. આશાસ્પદ યુવકના મોતથી પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું દામનગર : ચોરીના બનાવમાં

પાડેલ છે.

આ આરોપીઓની ગુન્હો કરવાની એમ.ઓ જોતા ભંગાર લે–વેચ ફેરી મારવા ગામમાં જઈ બંધ મકાન નજરે આવતા બંધ મકાનના તાળા તોડી તેમાંથી મુખ્યત્વે તાંબા પિતળ જેવા ધાતુઓના વાસણાની ચોરી કરેલાની હકીકત જણાયેલ છે. આરોપીઓ પાસેથી સદરહુ ગુન્હાના કામે તેમજ શંકાસ્પદ હાલતમાં મુદ્દામાલ પણ મળી આવેલ છે. મળી આવેલ મુદ્દામાલ વાસણોની ચોરી કરેલની કબુલાત આપેલ છે.

ગઈકાલે આરોપી કાજલબેન તથા તેમની એક આરોપી નણંદ બન્નેને આરોપીના પતિ મુકેશભાઈ તેણીના દિયર ભીખાભાઈની મોટર સાયકલ લઈબન્નેને ભાલવાવ ગામે મુકી ગયેલ હતા. અને બપોરનો સમય હતો. ત્યારે ત્યા બે ત્રણ મકાનમાં ચોરી કરવા ગયેલ જેમાંથી થોડો ઘરવખરીનો સામાન વાસણો મળેલ અને ત્યારબાદ ભાલવાવ ગામે ત્યા એક બંધ મકાન હતુ અને આજુ બાજુમાં કોઈ માણસો ન હોય જેથી બન્ને વંડી ટપી અને બન્ને અંદર ગયેલ હતા. અને ત્યાથી પણ ઘરવખરીનો સામાન ચોરી કરી લઈ લીધેલ આમ ભાલવાવ ગામમાંથી સાબુનો બાંધો, નાની ચાકા જેવી તલવાર અને બે નકુચા અને ચા ની પીતળની રકાબી, ચાકુ, તેલની શિશી ચોરી કરી લઈ લીધેલ હતા.

આશરે એકાદ મહિના પહેલા આરોપી કાજલબેન તથા ગીતા તથા લક્ષ્મી વંડા ગામેથી પાણીની ટીપ અને એક કેરબાની ચોરી કરેલ હતી.

એકાદ મહિના પહેલા પાટી ગામેથી એક બંધ મકાનનુ તાળુ તોડી કાજલબેન તથા ગીતા તથા લક્ષ્મીએ ચાંદીની ગાય, તુલસીનો કયારો, કુકર તથા તાંબા પીતળના વાસણા લઈ લીધેલ હતા.

આજથી ચારેક મહિના પહેલા સાવરકુંડલા નજીક પીઠવડી ગામેથી કાજલબેન તથા ગીતા તથા લક્ષ્મીએ અલગ અલગ બે બંધ મકાનના તાળા તોડી ઘરમાંથી તાંબા પીતળના વાસણો તેમજ એક ટી.વી.ની ચોરી કરેલ હતી. આ સિવાય અમે પાલીતાણાના અલગ અલગ ગામો માંથી પણ વાસણોની ચોરી કરેલ છે. ઝડપાયેલ મહિલા આરોપીઓની અન્ય ચોરીની પણ કબુલાત આપી હતી.

આરોગ્ય જાગૃતિ અને સામુદાયિક આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ માટે

લીલીયા સરકારી કોલેજ અને તાલુકા આરોગ્ય કચેરી વચ્ચે સમજુતી કરવામાં આવી

આચાર્ય ડો. રાઠોડ અને આરોગ્ય અધિકારી દ્વારા હસ્તાક્ષર

લીલીયા, તા. ૨૯

લીલીયા સ્થિત સરકારી આટર્સ એન્ડ કોમર્સ કોલેજ અને તાલુકા આરોગ્ય કચેરી, લીલીયા વચ્ચે આરોગ્ય જાગૃતિ, નિવારક આરોગ્ય સંભાળ, વિદ્યાર્થી સુખાકારી અને સામુદાયિક આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સમજૂતી કરાર (એમઓયુ) કરવામાં આવ્યો હતો. આ સમજૂતી કરાર પર કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્ર રાઠોડ અને લીલીયાના તાલુકા આરોગ્ય અધિકારી ડો. સિદ્ધપુરા દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના એનએસએસ કાર્યક્રમ અધિકારી ડો. વિરાજ રાઠોડ ડો. જય વાઘેલા અને ડો. પ્રકાશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ સમજૂતી કરારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને સ્થાનિક સમુદાયમાં આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો તથા નિવારક આરોગ્ય સંભાળ અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. આ સહયોગ અંતર્ગત આરોગ્ય જાગૃતિ વ્યાખ્યાનો, આરોગ્ય તપાસ શિબિરો, માસિક ધર્મ સ્વચ્છતા, પોષણ, એનિમિયા, થેલેસેમિયા, સંક્રમિત અને બિનસંક્રમિત રોગો, વ્યસન નિવારણ તેમજ અન્ય જાહેર આરોગ્ય સંબંધિત વિષયો પર કાર્યક્રમોનું આયોજન પરસ્પરસંકલનથી કરવામાં આવશે. આ ઉપરાંત, એનએસએસ અને કોલેજના અન્ય એકમો દ્વારા વિદ્યાર્થીઓને સામુદાયિક આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓમાં સહભાગી થવાની તકો મળશે. આ સહયોગથી વિદ્યાર્થીઓમાં આરોગ્ય અંગેની સમજ, સામાજિક જવાબદારી અને સમુદાય સેવા પ્રત્યેની ભાવનાને પ્રોત્સાહન મળશે. આચાર્ય ડો. રાજેન્દ્ર રાઠોડ એ આ બાબતે જણાવ્યું કે , કોલેજ અને તાલુકા આરોગ્ય કચેરી વચ્ચેનો આ સહયોગ શૈક્ષણિક સંસ્થા અને આરોગ્ય વિભાગ વચ્ચેના સંકલનને વધુ મજબૂત બનાવવાની સાથે આરોગ્યપ્રદ અને જાગૃત સમાજના નિર્માણમાં યોગદાન આપશે

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં

લીલીયા સરકારી કોલેજ ખાતે આરોગ્ય વિભાગનો 'જન ચેતના' અને 'જન સંવાદ' કાર્યક્રમ યોજાયો

આરોગ્ય સેવાઓના પ્રશ્નોના નિરાકરણ માટે જનપ્રતિનિધિઓ સાથે સંવાદ કરાયો

લીલીયા મોટા, તા. ૨૯

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના આરોગ્ય વિભાગ દ્વારા સરકારી કોલેજ, લીલીયા ખાતે 'જન ચેતના' અને 'જન સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશભાઈ સાવજ, તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલીયા, ઉપપ્રમુખ વિજયભાઈ કોગથિયા સહિત તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો, સખી મંડળનાં બહેનો, સામાજિક આગેવાનો અને આરોગ્ય વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ જનપ્રતિનિધિઓ અને સામાજિક આગેવાનોને આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી તેમજ સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવાનો હતો. સાથે જ દરેક પાત્રતા ધરાવતા લાભાર્થી સુધી આરોગ્ય સેવાઓ અને સરકારી આરોગ્ય યોજનાઓનો લાભ પહોંચે તથા કોઈપણ પાત્ર લાભાર્થી આ સેવાઓથી વંચિત ન રહે તે માટે જાગૃતિ કેળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

'જન સંવાદ' કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાંઆરોગ્ય વિભાગને પડતી વિવિધ મુશ્કેલીઓ અને સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોના નિરાકરણ માટે જન પ્રતિનિધિઓ અને સ્થાનિક આગેવાનોનો સહકાર મેળવી સંકલન સાથે આગળ વધવા અંગે સંવાદ યોજાયો હતો. આરોગ્ય સેવાઓ વધુ સુલભ બને અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે તે દિશામાં આવા કાર્યક્રમો ઉપયોગી બની રહે છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિદ્ધપુરા, ડો. જય વાઘેલા તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૩૯૦	૧૫૦૦
૨	ગિરનાર શીંગ	૧૧૪૦	૧૫૫૦
૩	શિંગ મોટી	૧૨૫૦	૧૬૬૫
૪	શિંગદાણા ફાડા	૧૩૦૦	૧૭૯૦
૫	તલ સફેદ	૨૦૫૦	૩૪૯૫
૬	તલ કાળા	૨૫૦૦	૪૫૯૦
૭	તલ કાશ્મીરી	૨૫૦૦	૨૯૨૫
૮	બાજરો	૩૬૦	૬૨૫
૯	જુવાર	૫૮૫	૯૭૦
૧૦	ઘઉં ટુકડા	૪૯૫	૭૭૦
૧૧	ઘઉં લોકવન	૫૮૦	૬૪૦
૧૨	મકાઈ	૫૭૫	૬૨૫
૧૩	અડદ	૧૫૪૦	૧૯૫૦
૧૪	ચણા	૧૨૪૫	૧૪૭૫
૧૫	સફેદ ચણા	૧૦૧૫	૧૪૯૦
૧૬	છોલે ચણા	૯૪૦	૨૦૧૫
૧૭	તુવેર	૯૪૦	૧૪૬૦
૧૮	કપાસ	૧૩૦૦	૧૯૨૦
૧૯	એરંડા	૧૨૭૫	૧૫૫૫
૨૦	જીરૂ	૪૪૧૦	૪૭૦૦
૨૧	ધાણી	૨૪૭૫	૩૦૦૦
૨૨	મેથી	૧૨૫૦	૧૪૦૦
૨૩	સોયાબીન	૧૦૦૦	૧૪૫૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૪૫	૧૮૮૬
૨	મગફળી	૧૧૭૬	૧૪૫૨
૩	તલ સફેદ	૨૮૩૫	૨૮૩૫
૪	જુવાર સફેદ	૧૪૧૨	૧૪૧૨
૫	સોયાબીન	૧૨૨૩	૧૩૦૧

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૨૫૦	૧૭૧૧
૨	શીંગ મોટી	૧૨૦૦	૧૬૩૧
૩	તલ સફેદ	૨૫૦૦	૩૧૦૦
૪	તલ કાળા	૩૨૫૦	૩૯૫૧
૫	જીરૂ	૪૫૦૦	૪૮૪૦
૬	કપાસ	૧૮૫૦	૧૯૨૦
૭	ઘઉં લોકવન	૫૫૦	૬૨૦
૮	ઘઉં ટુકડા	૫૯૦	૭૨૫
૯	બાજરો	૩૫૦	૫૦૫
૧૦	જુવાર	૧૨૦૦	૧૫૭૦
૧૧	મગ	૧૨૦૦	૧૪૫૦
૧૨	અડદ	૧૬૦૦	૨૦૧૧
૧૩	ચણા	૧૨૦૦	૧૪૩૦
૧૪	દેશી ચણા	૧૨૫૦	૧૪૩૦
૧૫	ધાણા	૨૮૦૦	૩૧૦૦
૧૬	સોયાબીન	૧૨૭૦	૧૩૮૪

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૦૦	૧૯૪૦
૨	કપાસ મીડીયમ	૧૭૧૦	૧૭૮૦
૩	મગફળી	૧૩૮૦	૧૪૯૩
૪	તલ સફેદ	૨૮૩૦	૩૦૦૦
૫	તલ કાળા	૩૩૧૦	૩૬૫૦
૬	જીરૂ	૪૨૨૦	૫૧૮૦
૭	અડદ	૧૬૫૦	૧૮૦૦
૮	મગ	૧૫૩૦	૧૮૭૦
૯	સોયાબીન	૧૩૪૦	૧૩૬૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૦	૧૯૨૪
૨	ઘઉં લોકવન	૫૬૩	૬૧૧
૩	ઘઉં ટુકડા	૬૦૧	૬૪૫
૪	મેથી	૧૨૦૫	૧૨૦૫
૫	મગફળી	૭૦૦	૯૫૦
૬	ચણા	૧૨૯૧	૧૪૨૬
૭	લસણ	૮૦૦	૧૬૦૦
૮	ધાણા	૨૫૦૦	૩૧૦૦
૯	સોયાબીન	૧૦૯૦	૧૩૩૬
૧૦	તલ કાળા	૩૨૫૧	૪૦૦૦
૧૧	અડદ	૧૪૩૫	૧૯૦૦
૧૨	તલ સફેદ	૨૩૦૦	૩૨૦૦

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૯	૧૯૧૭
૨	તલ સફેદ	૩૨૮૫	૩૨૮૫

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૨૦	૧૮૯૦
૨	મગફળી	૧૨૭૨	૧૫૦૦
૩	ઘઉં	૫૧૧	૫૧૧
૪	ચણા	૧૩૬૫	૧૪૧૭
૫	તુવેર	૧૭૭૫	૧૭૭૫
૬	મઠ	૪૭૦	૬૦૫
૭	તલ	૨૫૦૦	૨૫૦૦
૮	ધાણા	૨૯૦૦	૨૯૨૫
૯	એરંડા	૧૪૩૦	૧૫૦૦
૧૦	શીંગદાણા	૧૫૧૫	૧૬૮૦
૧૧	સોયાબીન	૧૧૯૦	૧૩૭૧

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૨૦૦	૧૫૦૧
૨	તલ સફેદ	૨૫૦૦	૩૧૦૦
૩	તલ કાળા	૨૫૦૦	૩૭૦૦
૪	કપાસ	૧૭૮૦	૧૯૦૦
૫	બાજરો	૫૦૦	૫૭૬
૬	ઘઉં ટુકડા	૫૫૦	૬૫૧
૭	જુવાર	૧૪૦૦	૧૭૭૦
૮	અડદ	૧૯૬૦	૨૧૦૦
૯	ચણા	૬૦૦	૧૫૦૦
૧૦	સોયાબીન	૭૫૦	૧૩૨૫
૧૧	રાય	૧૮૭૬	૧૮૭૬
૧૨	કાંગ	૯૪૦	૯૪૦

રાહુલ ગાંધીની દેશવાસીઓને અપીલ

દેશની આત્મા બચાવવા સૌએ એક થવું પડશે : રાહુલ ગાંધી

૧ નવેમ્બરે દિલ્હીમાં રેલી, આ કોઈ એક પક્ષની લડાઈ નથી, લોકશાહી અને બંધારણ બચાવવાની લડાઈ છે

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આગામી ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન ખાતે યોજાનારી 'ચલો દિલ્હી રામલીલા માર્ચ'માં મોટી સંખ્યામાં જોડાવા દેશવાસીઓને અપીલ કરી છે. તેમણે 'વોટ ચોરી'ના મુદ્દે યોજાનારી આ માર્ચને કોઈ એક રાજકીય પક્ષનો કાર્યક્રમ નહીં, પરંતુ લોકશાહી અને બંધારણની રક્ષા માટેનું રાષ્ટ્રીય આંદોલન ગણાવ્યું છે. રાહુલ ગાંધીએ વિવિધ વિચારધારા ધરાવતા નાગરિકો, યુવાનો અને વિદ્યાર્થીઓને પક્ષીય ભેદભાવથી ઉપર ઊઠીને આ અભિયાનમાં જોડાવા હાકલ કરી છે.

સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જાહેર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ માર્ચનો મુખ્ય ઉદ્દેશ્ય મતોની કથિત ચોરી અટકાવવાનો અને લોકશાહીની રક્ષા કરવાનો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પણ આ મુદ્દે આક્ષેપો કર્યા હતા.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા કરવા માગતા તમામ લોકોએ આ માર્ચમાં જોડાવું જોઈએ. તેમના મતે, આ લડાઈ માત્ર કોંગ્રેસ કે કોઈ એક રાજકીય પક્ષ પૂરતી મર્યાદિત નથી, પરંતુ દેશના લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવાની લડાઈ છે.

રાહુલ ગાંધીએ સંભવિત પોલીસ કાર્યવાહી અને લાઠીચાર્જની આશંકા વચ્ચે પણ આંદોલનકારીઓને હિંમત જાળવી રાખવા અપીલ કરી હતી. તેમણે ભાજપ પર નિશાન સાધતાં કહ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા માટે સૌએ એકજૂથ થઈને આગળ આવવું જોઈએ.

તેમણે વિવિધ રાજકીય વિચારધારા ધરાવતા વિદ્યાર્થી સંગઠનોને પણ આ માર્ચમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું. દેશના નાગરિકોને પોતાની અભિવ્યક્તિ અને વિચારો પર હુમલો થતો હોવાની લાગણી હોય, તો તેમણે પક્ષીય મતભેદો ભૂલીને લોકશાહીની રક્ષા માટે સાથે આવવું જોઈએ તેવી અપીલ તેમણે કરી હતી.

દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી આ માર્ચ દ્વારા કોંગ્રેસ અને વિપક્ષી 'ઈન્ડિયા' ગઠબંધન પોતાની એકતા અને રાજકીય તાકાત દર્શાવવાની તૈયારી કરી રહ્યાં છે. અહેવાલ મુજબ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ ગઠબંધનના સાંસદો સાથે આ મુદ્દે બેઠકો યોજી રહ્યા છે. આ માર્ચ પહેલાં શુક્રવારે પ્રતીકાત્મક સંસદનું આયોજન કરવાની પણ યોજના છે. તેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પ્રતીકાત્મક મહાભિયોગની કાર્યવાહી હાથ ધરવાની દરખાસ્ત છે. ત્યારબાદ ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજાશે. 'વોટ ચોરી'ના મુદ્દે વિપક્ષ દ્વારા ચલાવવામાં આવી રહેલા અભિયાન વચ્ચે હવે દિલ્હીની આ માર્ચ કેટલી અસરકારક સાબિત થાય છે અને તેમાં કેટલા લોકો જોડાય છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

નાગપુરમાં ભાજપને ફરી હારનો સામનો કરવો પડ્યો

મહારાષ્ટ્ર MLC ચૂંટણીમાં કોંગ્રેસના અભિજિત વણજારીની સતત બીજી જીત

ફડણવીસ અને ગડકરીના ગઢમાં ભાજપના સુધાકર કોહલેને ૩,૨૭૧ મતોથી હરાવ્યા, કોંગ્રેસમાં ઉત્સાહ વધ્યો

નાગપુર, તા.૨૯

મહારાષ્ટ્ર વિધાન પરિષદ ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીને મોટો આંચકો લાગ્યો છે. ભાજપનો મજબૂત ગઢ ગણાતી નાગપુર સ્નાતક મતવિસ્તારની બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર અભિજિત વણજારીએ સતત બીજી વખત શાનદાર જીત નોંધાવી છે. તેમણે ભાજપના ઉમેદવાર સુધાકર કોહલેને ૩,૨૭૧ મતોના અંતરથી પરાજય આપ્યો છે. આ બેઠક પર કોંગ્રેસની જીત પક્ષ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.ભારતના સુંદર શહેરોનાગપુર સ્નાતક બેઠક પર મંગળવારથી શરૂ થયેલી લાંબી મતગણતરી ગુરુવારે વહેલી સવારે પૂર્ણ થઈ હતી. પ્રથમ પસંદગીના મતોમાં જરૂરી કોટા ન મળતાં બીજી પસંદગીના મતો અને ટ્રાન્સફર પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં અપક્ષ ઉમેદવાર નિતેશ કરાલે પણ મહત્ત્વના રહ્યા હતા. અંતે કોંગ્રેસના અભિજિત વણજારીને ૬૭,૨૩૧ મત અને ભાજપના સુધાકર કોહલેને ૬૩,૯૬૦ મત મળતા વણજારી વિજેતા જાહેર થયા હતા.નાગપુર ક્ષેત્ર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીનું હોમટાઉન છે. ભાજપે આ બેઠક જીતવા માટે સુધાકર કોહલેના સમર્થનમાં પોતાના વરિષ્ઠ નેતાઓની ફોજ પ્રચારમાં ઉતારી હતી. તેમ છતાં ભાજપ આ બેઠક બચાવી શક્યું નથી. એક સમયે ભાજપનો અજેય ગઢ ગણાતી આ બેઠક પર સતત બીજી વાર હાર થવાને કારણે હવે ભાજપે પોતાના જ વિસ્તારમાં મંથન કરવાનો વારો આવ્યો છે.અભિજિત વણજારીએ આ પહેલા ડિસેમ્બર ૨૦૨૦માં યોજાયેલી ચૂંટણીમાં પણ ભાજપના સંદીપ જોશીને હરાવીને પ્રથમ વખત આ બેઠક જીતી હતી. હવે ૨૦૨૬ની આ ચૂંટણીમાં ફરી એકવાર વિજય મેળવીને તેમણે સાબિત કર્યું છે કે નાગપુરના સ્નાતક મતદારો પર કોંગ્રેસની પકડ મજબૂત થઈ રહી છે. આ જીતથી મહારાષ્ટ્ર કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન

વિવિધ માંગો સાથે વનપાલ અને વનરક્ષકો ઉતર્યા હડતાળ પર

મહિલા કર્મચારીઓ બાળકો સાથે હડતાળમાં જોડાઈ; પડતર માગણીઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી આંદોલન યથાવત રાખવા નિર્ધાર

ગાંધીનગર, તા.૨૯

રાજ્યભરમાં ફરજ બજાવતા વન રક્ષક અને વનપાલ કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓના અવાજને બુલંદ કરવા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને પ્રશ્નો નિરાકરણ નહીં આવે ત્યાં સુધી ફરજ પર હાજર ન થઈ અચોક્કસ મુદતની હડતાલનું એલાન કર્યું હતું. વનપાલ અને વન રક્ષક કર્મચારીઓને પાંચ માગણીઓનું ઘણા સમયથી નિરાકરણ નહીં આવતું હોવાનો રોષ વ્યક્ત કરવામાં આવ્યો. હાલ મળતા ગ્રેડ પે ની વિસંગતતા દૂર કરી પગાર માળખાની ઉચ્ચ કમીટી સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી છે. રજા પગાર ભથ્થામાં પગાર ધોરણ પ્રમાણેના બેઝિક અને મોંઘવારી ભથ્થાનો ઉમેરો કરી ચુકવણી કરવાની માંગ કરાઈ છે. રિસ્ક સિક્યુરિટી એલાઉન્સ આપવા પણ માંગ કરવામાં આવી છે.

રાજધાની ગાંધીનગરમાં વનપાલ અને વનરક્ષકોની હડતાળનો આજે બીજો દિવસ છે. રિસ્ક એલાઉન્સ, ૪૮ દિવસની પગાર મર્યાદા હટાવવા અને ગ્રેડ-પે સુધારા સહિતના પડતર પ્રશ્નોને લઈને વનકર્મીઓ ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ આંદોલનમાં ગુજરાતભરના વનરક્ષક કર્મચારી મંડળના કર્મીઓ જોડાયા છે. આશ્ચર્યની વાત એ છે કે મહિલા કર્મચારીઓ પણ પોતાના નાના બાળકો સાથે હડતાળમાં સામેલ થઈ છે. વનકર્મીઓએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી તેમની માગણીઓનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી આંદોલન યથાવત રહેશે.

વનપાલ અને વનરક્ષકોની મુખ્ય માગણીઓઃ

જોખમી ફરજો માટે જોખમી ભથ્થુ વધારવા માગ

રજાના પગારના ગણતરી બેઝિક,ડીએ, CL આધારે કરવા માગ

૪૮ દિવસની મર્યાદા હટાવીને પૂરા દિવસનો પગાર ચૂકવવા રજૂઆત

ફોરેસ્ટર,રેન્જ ફોરેસ્ટરની જગ્યા ફરીથી ચાલુ કરવા માગ

મહેકમમાં વધારો કરવા,પ્રમોશનના રેશિયામાં સુધારાની માગ

RFO, ફોરેસ્ટરની સીધી ભરતીના બદલે આંતરિક સ્ટાફની ભરતીને અગ્રતા આપવા માગ, ફોરેસ્ટ ગાર્ડ,ફોરેસ્ટરના ગ્રેડ-પેમા, વિસંગતતા દૂર કરો સુરતમાં પ્રાથમિક સુવિધાઓની માગ સાથે કચરાગાડીના ચાલકો હડતાલ પર તમને જણાવી દઈએ કે, સુરતમાં પણ ત્રણ દિવસ પહેલા કચરાગાડી ચલાવતા ચાલકો હડતાળ પર ઉતર્યા હતા. સુરતના લિંબાયત ઝોનમાં આવતા ડીંડોલી સ્થિત કચરાના ગોડાઉનમાં કચરાગાડીના ૧૬૦થી વધુ ચાલકો પ્રાથમિક સુવિધાઓની માગ સાથે હડતાલ પર ઉતરી ગયા. ચાલકો અને મજૂરો દ્વારા જીગર ટ્રાન્સપોર્ટ કંપની સામે વિવિધ માગણીઓ રજૂ કરવામાં આવી હતી. મજૂરોનો આરોપ છે કે છેલ્લા કેટલાક સમયથી કંપની દ્વારા તેમને જરૂરી પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવતી નહોતી. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલાં જ ડીંડોલીના આ કચરાના ગોડાઉનમાં આવેલી મજૂરોના ઝૂંપડાંમાં અચાનક આગ લાગી હતી, જેમાં તેમની ઘરવખરી અને અનાજ સહિતનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આથી, પીડિત મજૂરોએ આગમાં બળી ગયેલા અનાજ અને સરસામાનની ભરપાઈ કરી આપવા તથા પ્રાથમિક સવલતો પૂરી પાડવાની ઉગ્ર માગ સાથે કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો.

ખડગેનો ભાજપને પડકાર

હિંમત હોય તો સંસદ ભંગ કરી બેલેટ પેપરથી ચૂંટણી કરાવો

વિધાન પરિષદની ચૂંટણીનાં પરિણામો બાદ ચૂંટણી પ્રક્રિયાને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગને ફરી દોહરાવીને ભાજપને સીધો પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું કે જો ભાજપને પોતાની લોકપ્રિયતા અને જનસમર્થન પર વિશ્વાસ હોય તો સંસદ ભંગ કરીને બેલેટ પેપરથી ફરી ચૂંટણી કરાવવાની હિંમત બતાવે. વિધાન પરિષદની ચૂંટણીનાં પરિણામો બાદ ચૂંટણી પ્રક્રિયાને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ખડગેએ આરોપ લગાવ્યો હતો કે દેશમાં મતદાન પ્રક્રિયામાં ગેરરીતિઓ થઈ રહી છે અને ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઊભા થયા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગમાંથી પાછળ હટશે નહીં. તેમના જણાવ્યા મુજબ, ચૂંટણીમાં હાર-જીત થતી રહે છે, પરંતુ તેના આધારે કોઈ પક્ષનો જનાધાર નક્કી કરી શકાય નહીં. ભાજપે ચૂંટણી પરિણામોને લઈને અહંકાર રાખવાને બદલે લોકશાહી પ્રક્રિયા અંગે ઊભા થયેલા સવાલોનો જવાબ આપવો જોઈએ.

ચૂંટણી પંચ સામેના વિરોધને વધુ વ્યાપક બનાવવા માટે 'ઈન્ડિયા' ગઠબંધનના નેતાઓએ બેઠક યોજીને આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરી છે. વિપક્ષ દ્વારા ૩૦ ઓક્ટોબરે પ્રતીકાત્મક સંસદનું આયોજન અને ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોનો આરોપ છે કે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને લોકશાહીની વિશ્વસનીયતા જાળવવા માટે ચૂંટણી પંચે જવાબદારીપૂર્વક કામગીરી કરવી જોઈએ. જોકે, વિપક્ષ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અંગે અંતિમ નિષ્કર્ષ પર પહોંચવા માટે સંબંધિત તથ્યો અને સત્તાવાર સ્પષ્ટતા પણ મહત્ત્વપૂર્ણ રહેશે.

ખડગેના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં પ્રિયંકા ગાંધી વાડ્રા, કે.સી. વેણુગોપાલ, જયરામ રમેશ, મહુઆ મોઈત્રા સહિતના વિપક્ષી નેતાઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધી અને અન્ય અગ્રણી નેતાઓ પણ સંબોધન કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવે ૧ નવેમ્બરની રેલીમાં વિપક્ષ કેટલું શક્તિપ્રદર્શન કરે છે અને ચૂંટણી સુધારા અંગેની તેની માંગને કેવો પ્રતિસાદ મળે છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

નિફ્ટી ૨૨,૯૦૦ની ઉપર બંધ

શેરબજારમાં તેજીની વાપસી; સેન્સેક્સ ૯૦૫ પોઇન્ટ ઉછળ્યો

ક્રૂડ ઓઇલના ભાવમાં થોડી નરમાઈ અને સંસ્થાકીય રોકાણકારોની ખરીદીએ પણ બજારને વેગ આપ્યો હતો

મુંબઈ, તા.૨૯

ભારતીય શેરબજારમાં બુધવારની નરમાઈ બાદ ગુરુવાર, ૨૯ ઓક્ટોબરના રોજ તેજીની મજબૂત વાપસી જોવા મળી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો સેન્સેક્સ ૯૦૫.૦૧ પોઈન્ટ એટલે કે ૧.૨૪ ટકા વધીને ૭૪,૧૫૧.૦૪ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી-૫૦ ૨૩૭.૯૦ પોઈન્ટ એટલે કે ૧.૦૫ ટકા વધીને ૨૨,૯૩૬.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. બજારમાં બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસિસ, પાવર અને અન્ય પસંદગીના શેરોમાં ખરીદી વધતાં મુખ્ય સૂચકાંકોને ટેકો મળ્યો હતો.

અમેરિકાના ફેડરલ રિઝર્વે વ્યાજદર ૩.૭૫થી ૪ ટકા વચ્ચે યથાવત્ રાખવાનો નિર્ણય કરતાં વૈશ્વિક બજારોમાં રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. આ ઉપરાંત, ક્રૂડ ઓઈલના ભાવમાં થોડી નરમાઈ અને સંસ્થાકીય રોકાણકારોની ખરીદીએ પણ બજારને વેગ આપ્યો હતો. જોકે, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, રૂપિયાની નબળાઈ અને વૈશ્વિક ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા હજુ પણ બજાર માટે જોખમરૂપ છે.

ક્ષેત્રવાર કામગીરીમાં પાવર સેક્ટરમાં સૌથી વધુ તેજી જોવા મળી હતી. પાવર ઈન્ડેક્સ ૨.૧૫ ટકા વધ્યો હતો, જ્યારે ફાઈનાન્શિયલ સર્વિસિસ ઈન્ડેક્સમાં ૧.૮૯ ટકા અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ૧.૬૭ ટકાનો વધારો નોંધાયો હતો. બેન્કિંગ શેરોમાં ખરીદી વધતાં બેંક નિફ્ટી ૧.૧૮ ટકા વધીને ૫૪,૯૦૯.૬૫ના સ્તરે બંધ રહ્યો હતો. બીજી તરફ, ટેક્સટાઈલ, ઓટો અને કન્ઝ્યુમર ક્ષેત્રના કેટલાક શેરોમાં નબળાઈ જોવા મળી હતી. બજારમાં મોટા ભાગના ક્ષેત્રોમાં ખરીદીનું વલણ રહેતાં તેજી માત્ર પસંદગીના શેરો પૂરતી મર્યાદિત રહી નહોતી.

ગુરુવારની તેજીથી અગાઉના સત્રમાં થયેલા ઘટાડાની ઘણી હદે ભરપાઈ થઈ હતી. હવે રોકાણકારોની નજર કંપનીઓના ત્રિમાસિક પરિણામો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ, ક્રૂડ ઓઈલના ભાવ અને વૈશ્વિક બજારોના સંકેતો પર રહેશે. બજારમાં તેજીનું વલણ આગળ પણ જળવાશે કે નહીં તે આ પરિબળો પર નિર્ભર રહેશે.

બનાસકાંઠાથી કેવડિયા સુધી વિકાસકાર્યોની ભેટ આપશે પીએમ મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે

૩૧ ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસના મુખ્ય સમારોહમાં મોદી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ભીલડીથી લઈને નર્મદા જિલ્લાના એકતાનગર સુધી વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. પ્રવાસ દરમિયાન ખેડૂતો માટેની PM-કિસાન યોજનાનો ૨૪મો હપ્તો જાહેર કરવા ઉપરાંત ડેરી ઉદ્યોગ, બાયો-CNG ઉત્પાદન અને પશુ સંવર્ધન ક્ષેત્રના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવશે. પ્રવાસના બીજા દિવસે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં પણ વડાપ્રધાન ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરે બનાસકાંઠાના ભીલડી ખાતે યોજાનારા કાર્યક્રમમાં PM-કિસાન યોજનાનો ૨૪મો હપ્તો જાહેર કરશે. આ અંતર્ગત દેશભરના પાત્ર ખેડૂત પરિવારોના ખાતામાં આર્થિક સહાયની રકમ સીધી જમા કરવામાં આવશે. ગુજરાતના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આપેલી માહિતી અનુસાર, રાજ્યના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાય મળવાની છે.

પ્રવાસ દરમિયાન વડાપ્રધાન બનાસ ડેરી દ્વારા થરાદ અને રાધનપુરમાં સ્થાપિત થનારા બે કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. આ પ્લાન્ટમાં ગાયના છાણનો ઉપયોગ કરીને બાયો-CNGનું ઉત્પાદન કરવામાં આવશે. બંને પ્લાન્ટ કાર્યરત થયા બાદ બનાસ મોડેલ હેઠળ બાયો-CNG પ્લાન્ટની સંખ્યા છ થશે.

આ પ્લાન્ટની સંયુક્ત ક્ષમતા દરરોજ ૫૧૫ ટન ગાયના છાણના પ્રોસેસિંગની રહેશે. આ પ્રોજેક્ટ્સથી વૈકલ્પિક ઊર્જાના ઉત્પાદનને પ્રોત્સાહન મળવાની સાથે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ મળવાની અપેક્ષા છે.

વડાપ્રધાન બનાસકાંઠામાં ભારતના ગાય સંવર્ધન અને સંશોધન કેન્દ્ર (BBBRC)નું પણ ઉદ્ઘાટન કરશે. રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલા આ કેન્દ્રનો હેતુ ગાયોના સંવર્ધન અને સંશોધન ક્ષેત્રે કામગીરીને વેગ આપવાનો છે. આ ઉપરાંત બનાસ ડેરીના નવા બટાકા પ્રોસેસિંગ વિસ્તરણ પ્રોજેક્ટ અને ડેરીના અલ્ટ્રા હાઈ ટેમ્પરેચર (UHT) યુનિટમાં સ્થાપિત ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રિલોડિંગ સિસ્ટમ (ASRS)નું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે.

બનાસકાંઠાના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન ૩૦ ઓક્ટોબરની સાંજે એકતાનગર પહોંચશે. અહીં વિવિધ કાર્યક્રમો ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત એકતા પરેડનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે એકતા પરેડ સાંજના સમયે યોજાવાની હોવાનું જણાવાયું છે. સરદાર પટેલના યોગદાનને ઉજાગર કરવા માટે એકતાનગરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાશે.

પ્રવાસના બીજા દિવસે, ૩૧ ઓક્ટોબરે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનારા મુખ્ય કાર્યક્રમોમાં વડાપ્રધાન ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની સાથે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપવામાં આવશે.

વડાપ્રધાનના બે દિવસીય પ્રવાસને લઈને સંબંધિત વિભાગો દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બનાસકાંઠામાં કૃષિ અને ડેરી ક્ષેત્રના પ્રોજેક્ટ્સ તથા એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રવાસનાં મુખ્ય આકર્ષણો રહેશે.

પ્રવાસના અંતિમ દિવસે વિવિધ કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાત્રે ૯:૧૦ કલાકે વડોદરા એરપોર્ટથી ખાસ વિમાન મારફતે દિલ્હી પરત જવા રવાના થશે.

પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસનું સમયપત્રક

૩૦ ઓક્ટોબર, શુક્રવાર

સવારે ૭:૧૫ કલાકે દિલ્હીથી ગુજરાત જવા પ્રસ્થાન.

સવારે ૮:૪૫ કલાકે બનાસકાંઠાના ડીસા એરપોર્ટ પર આગમન.

સવારે ૮:૫૦ કલાકે હેલિકોપ્ટર મારફતે ભીલડી હેલિપેડ પર આગમન.

બનાસકાંઠામાં ET IVF લેબ અને BBRC કેટલ ફાર્મની મુલાકાત.

જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

સવારે ૧૧:૪૦ કલાકે ભીલડીથી ગાંધીનગર જવા પ્રસ્થાન.

બપોરે ૧૨:૩૫ કલાકે ગાંધીનગરના સચિવાલય હેલિપેડ પર આગમન.

બપોરે ૧૨:૪૫થી ૩ વાગ્યા સુધી લોકભવનમાં રોકાણ.

બપોરે ૩ વાગ્યા બાદ એકતા નગર જવા પ્રસ્થાન.

૩૧ ઓક્ટોબર, શનિવાર

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ.

એકતા નગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

રાષ્ટ્રીય એકતા દિવસના મુખ્ય સમારોહમાં ઉપસ્થિતિ.

રાત્રે ૯:૧૦ કલાકે વડોદરા એરપોર્ટથી દિલ્હી જવા પ્રસ્થાન.

પ્રધાનમંત્રીના આ બે દિવસીય પ્રવાસ દરમિયાન ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વિવિધ વિકાસકાર્યોને વેગ આપવાના કાર્યક્રમો યોજાશે.

ખાસ કરીને બનાસકાંઠા અને એકતા નગર ખાતે યોજાનારા કાર્યક્રમોને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવશે.

મોદીના કટાક્ષ સામે જયરામ રમેશનો પલટવાર

પ્રવચન આપતા પહેલાં આત્મ મંથન કરો : કોંગ્રેસ

વારાણસી અને નાગપુરમાં ભાજપની હારનો મુદ્દો ઉઠાવ્યો

નવી દિલ્હી, તા.૨૯

ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદ (MLC)ની ચૂંટણીનાં પરિણામોને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ઘમાસાણ તેજ બન્યું છે. બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના નબળા પ્રદર્શનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટાક્ષ કરતાં કોંગ્રેસે પણ વળતો પ્રહાર કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ અને નેતા ઉદિત રાજે વડાપ્રધાનને આત્મમંથન કરવાની સલાહ આપતાં વારાણસી અને નાગપુરમાં ભાજપના પ્રદર્શનનો મુદ્દો ઉઠાવ્યો છે.

બિહાર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં સ્નાતક તથા શિક્ષક મતવિસ્તારોની ૨૮ વિધાન પરિષદ બેઠકો માટે બેલેટ પેપરથી ચૂંટણી યોજાઈ હતી. અહેવાલ મુજબ, આ ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના NDAને ૧૬ બેઠકો મળી હતી, જ્યારે કોંગ્રેસને માત્ર એક બેઠકથી સંતોષ માનવો પડ્યો હતો. બીજી તરફ, સમાજવાદી પાર્ટીએ ઉત્તર પ્રદેશમાં પાંચ બેઠકો જીતી હતી. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીની બે બેઠકોનો પણ સમાવેશ થાય છે. ચૂંટણીનાં પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કોંગ્રેસના પ્રદર્શનને લઈને કટાક્ષ કર્યો હતો. વિપક્ષ દ્વારા વારંવાર EVM સામે સવાલો ઉઠાવીને બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગ કરવામાં આવે છે તે સંદર્ભમાં તેમણે બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિ તરફ ધ્યાન દોર્યું હતું.

વડાપ્રધાનના નિવેદનનો જવાબ આપતાં કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે બીજાને પ્રવચન આપતાં પહેલાં વડાપ્રધાને આત્મમંથન કરવાની જરૂર છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે વારાણસીની બંને બેઠકો પર ભાજપની હાર કેવી રીતે થઈ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના ગઢ ગણાતા નાગપુરમાં કોંગ્રેસે ભાજપને કેવી રીતે હરાવ્યું? જયરામ રમેશે મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરીને સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમના મતે, સરકારે રાજકીય કટાક્ષ કરવાને બદલે સામાન્ય પરિવારોને અસર કરતા પ્રશ્નો પર ધ્યાન આપવું જોઈએ.

કોંગ્રેસના નેતા ઉદિત રાજે પણ વડાપ્રધાનના નિવેદન સામે આક્રમક પ્રતિક્રિયા આપી હતી. તેમણે ગોરખપુર, વારાણસી અને નાગપુરનો ઉલ્લેખ કરીને ભાજપ અને RSSને રાજકીય પડકારનો સામનો કરવો પડ્યો હોવાનો દાવો કર્યો હતો. ઉદિત રાજે બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગના મુદ્દે કોંગ્રેસના વલણનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગને સમર્થન આપે છે.

MLC ચૂંટણીનાં પરિણામોને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શરૂ થયેલી આ નિવેદનબાજી હવે બેલેટ પેપર, ઈફ્કો અને બંને પક્ષોના રાજકીય પ્રદર્શન સુધી પહોંચી છે. એક તરફ ભાજપ કોંગ્રેસના ચૂંટણી પરિણામોને લઈને સવાલો ઉઠાવી રહ્યો છે, તો બીજી તરફ કોંગ્રેસ વારાણસી અને નાગપુરનાં પરિણામોનો ઉલ્લેખ કરીને ભાજપને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. આગામી દિવસોમાં આ મુદ્દે બંને પક્ષો વચ્ચે રાજકીય ટકરાવ વધુ તીવ્ર બને તેવી શક્યતા છે.

ઇઝરાયલ ચૂંટણીમાં ત્રિશંકુ સરકારની શક્યતા વધી

૯૦ ટકા મતગણતરી બાદ પણ નેતન્યાહૂ ગઠબંધન બહુમતીથી દૂર

સરકાર બનાવવા ૬૧ બેઠકો જરૂરી, નેતન્યાહૂ ગઠબંધન ૫૩ બેઠકો પર આગળ, વિપક્ષી ગઠબંધનના પ્રયાસો તેજ થયા, અરબ પાર્ટી પર વોટ ચોરીનો આરોપ

જેરૂસલેમ, તા.૨૯

ઈઝરાયલમાં થયેલી ચૂંટણીમાં મતગણતરી ૯૦ ટકા જેટલી થઈ ચુકી છે. અત્યાર સુધીના પરિણામની વાત કરીએ તો નેતન્યાહૂ ગઠબંધન ૫૩ બેઠકો પર આગળ છે, નેતન્યાહૂની લિકુડ પાર્ટી ૨૬ બેઠકો પર આગળ છે જ્યારે તેમની વિરોધી પાર્ટી ૨૧ સીટ પર પહોંચી છે. જે પ્રમાણે રિઝલ્ટ આવી રહ્યું છે તેને જોતાં ઈઝરાયલમાં ત્રિશંકુ સરકારની શક્યતા સેવાઈ રહી છે. કારણ કે હજુ સુધી કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી.ઈઝરાયલમાં સરકાર બનાવવા માટે ૬૧ બેઠકોની જરૂર છે.

જેમાં નેતન્યાહૂ ગઠબંધન હજુ ૫૩ બેઠક પર જ આગળ છે જ્યારે અરબ પાર્ટીઓ ૧૯ બેઠક જીતે તેવું અનુમાન છે. ચૂંટણીમાં હવે અંતિમ ચરણની મતગણતરી પર સૌ કોઈની નજર છે. કારણ કે તેનાથી ચૂંટણીનું પરિણામ બદલી પણ શકે છે.નેતન્યાહૂ ગઠબંધનને સ્પષ્ટ બહુમતી નથી મળી પણ તેમને સત્તામાંથી હટાવવા માટે અરબ અને જોઈંટ લિસ્ટ પાર્ટી એકબીજાને સહયોગ આપવાની જાહેરાત કરી ચુકી છે.

જોઈંટ લિસ્ટ પાર્ટી ઈઝરાયલી નેતૃત્વની પાર્ટી છે. તેમણે કહ્યું છે કે નેતન્યાહૂ સરકારને સત્તાથી હટાવવા તેઓ સહયોગ કરશે. મતગણતરીમાં જોઈંટ લિસ્ટ પાર્ટી ૧૨ બેઠક જીતે તેવું અનુમાન છે. જો અરબ અને જોઈંટ લિસ્ટ પાર્ટી એક થઈ જાય તો તેમની કુલ બેઠક ૧૯ થઈ શકે છે.ઈઝરાયલમાં મતગણતરી વચ્ચે વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂએ અરબ પાર્ટી પર વોટ ચોરીનો આક્ષેપ કર્યો છે. નેતન્યાહૂની પાર્ટીએ કહ્યું કે અરબ પાર્ટીઓએ વોટર ળોડ, ડરાવી ધમકાવીને મત મેળવ્યા છે. આ મામલે લિકુડ પાર્ટીએ તપાસની માંગ પણ કરી છે. તેમણે કહ્યું કે મત માટે તેમણે ગેરકાયદેકર રસ્તો અપનાવ્યો છે.

સમગ્ર વિસ્તાર બરફથી ઢંકાયો

ઉત્તરાખંડના ગંગોત્રી ધામમાં સિઝનની પ્રથમ હિમવર્ષા

પહાડો, રસ્તાઓ અને આસપાસની વાદીઓ પર બરફ પથરાઈ ગયો છે, જેનાથી અહીંનું વાતાવરણ અત્યંત મનમોહક બની ગયું

દેહરાદુન, તા.૨૯

ઉત્તરાખંડના પવિત્ર ગંગોત્રી ધામમાં સિઝનની પ્રથમ હિમવર્ષા શરૂ થઈ ગઈ છે, જેના કારણે સમગ્ર વિસ્તાર બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયો છે. પહાડો, રસ્તાઓ અને આસપાસની વાદીઓ પર બરફ પથરાઈ ગયો છે, જેનાથી અહીંનું વાતાવરણ અત્યંત મનમોહક બની ગયું છે. આ અદભૂત કુદરતી સૌંદર્ય લોકોનું ધ્યાન ખેંચી રહ્યું છે અને ગંગોત્રી ધામનું "વ્હાઈટ વિન્ટર લુક" જાણે કુદરતે સર્જેલું અદ્ભુત દૃશ્ય હોય તેવો અનુભવ કરાવે છે.

જોકે, હિમવર્ષાના કારણે સમગ્ર વિસ્તારમાં ઠંડીનો પ્રકોપ પણ વધ્યો છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં આવેલા કેદારનાથ ધામમાં પણ હિમવર્ષાથી તાપમાનમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. હવામાનમાં આવેલા આ ફેરફારને ધ્યાનમાં રાખીને પ્રશાસને શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને સાવચેતી રાખવાની અપીલ કરી છે.

પહાડી વિસ્તારોમાં હવામાન ઝડપથી બદલાઈ શકે છે. તેથી, કેદારનાથ અને ગંગોત્રીની યાત્રાએ જતા શ્રદ્ધાળુઓને હવામાનની સ્થિતિની માહિતી મેળવીને જ આગળ વધવા સૂચના આપવામાં આવી છે. ગરમ કપડાં અને જરૂરી દવાઓ સાથે રાખવા પણ સૂચન કરાયું છે. સ્થાનિક વહીવટીતંત્ર તથા હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવું આવશ્યક છે, જેથી પ્રવાસ સલામત અને સુખદ બની રહે.

દિવાળીનાં તહેવારને લઈને ટ્રાફિકનું આયોજન કરવું જરૂરી

અમરેલીની મુખ્ય બજારોમાં ટ્રાફિક સમસ્યા વધી

ભીડભંજન ચોક, નાગનાથ ચોક, શાકમાર્કેટ, હવેલી રોડ સહિતનાં વિસ્તારોમાં ટ્રાફિક જવાનોની સંખ્યા વધારો

આડેધડ પાર્ક થતાં વાહનો અને રેંકડીઓને નિયમાનુસાર જગ્યા ફાળવવી જોઈએ

વાહનચાલકો વચ્ચે ટ્રાફિકને લઈને અવારનવાર સામાન્ય માથાકૂટની ઘટના પણ બની શકે તેમ છે

પાલિકા અને ટ્રાફિક વિભાગે આગામી ૧૦ દિવસ સુધી એલર્ટ રહેવું જરૂરી

અમરેલી, તા. ૨૯

અમરેલીની મુખ્ય બજારોમાં દિવાળીનાં પર્વને લઈને ખરીદીનો માહોલ વધી રહ્યો હોય જે વેપારજગત માટે સારી બાબતે છે. પરંતુ, મુખ્ય માર્ગો પર સવાર–સાંજના સમયે ટ્રાફિક સમસ્યા વિકરાળ બની રહી હોવાથી ટ્રાફિક અને પાલિકા વિભાગે ટ્રાફિક વ્યવસ્થા જાળવવી જરૂરી બની છે.

શહેરનાં હાર્દસમાં ભીડભંજન ચોક, શાક માર્કેટ, હરિરો, લાયબ્રેરી ચોક, નાગનાથ ચોક સહિતનાં વિસ્તારોમાં વધારે ટ્રાફિક રહેતો હોવાથી રેંકડીઓ કે ફટાકડાનાં સ્ટોલને નિયમાનુસાર જગ્યા ફાળવવી જોઈએ તેમજ વાહન પાર્કિંગનું પણ આયોજન કરવું જોઈએ.

દિવાળીના તહેરોમાં સૌ કોઈ નાની–મોટી કમાણી કરી શકે તે માટે કોઈ રેંકડીધારક કે સ્ટોલધારકને હટાવવાની જરૂરી નથી પરંતુ, ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી છે.

ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની કામગીરી

દામનગર : ચોરીના બનાવમાં ત્રણ મહિલા આરોપીઓની મુદ્દામાલ સાથે અટકાયત

અન્ય વિસ્તારમાં કરેલ ચોરીની હકીકતો પણ ખુલ્લી થઈ

અમરેલી, તા. ૨૯

દામનગર પોલીસ સ્ટેશનના બીએનએસ–કલમ ૩૦૫ (એ), ૩૩૧ (૪), ૫૪ મુજબના મિલ્કત સંબંધી ગુન્હાના કામે મહિલા ચોર તથા ચોરીમા ગયેલ મિલ્કત શોધી કાઢવા દામનગર પોલીસ તથા ક્રાઈમ બ્રાંચ અમરેલીની જુદી જુદી ટીમો બનાવી ગુન્હાવાળી જગ્યાની આજુબાજુના સીસીટીવી કેમેરા સર્ચ કરી, ટેકનીકલ, હ્યુમન સોર્સ તથા અંગત બાતમીદારોના આધારે ભાવનગર જીલ્લાના ગારીયાધાર તાલુકાના નવાગામથી આરોપી કાજલબેન મુકેશભાઈ માથાસુળીયા, લક્ષ્મીબેન કનુભાઈ માથાસુળીયા તથા ગીતાબેન અશોક પરમાર/માથાસુળીયા નામની મહિલાઓને પકડી પાડી સાથે ૧૦૦(સો) ટકા મુદ્દામાલ રિકવર કરી ત્રણ મહિલા આરોપીને ઝડપી

અનુસંધાન પાના ૬ ઉપર

દિવાળીનાં તહેવારો દરમિયાન નાગરિકોને સુરક્ષિત ખાદ્ય ચીજો મળી રહે તે માટે

અમરેલી જિલ્લામાં વિવિધ મીઠાઈ, ફરસાણ તથા અન્ય ખાદ્ય ચીજોનાં ઉત્પાદક એકમોની તપાસ કામગીરી શરૂ

તંત્ર દ્વારા ૩૧ નમુનાં લઈ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

અમરેલી, તા. ૨૯

દિવાળીનાં તહેવારો દરમિયાન નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત ખાદ્ય ચીજો મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી દ્વારા જિલ્લામાં આવેલા વિવિધ મીઠાઈ, ફરસાણ તથા અન્ય ખાદ્ય ચીજોનાં ઉત્પાદક એકમોમાં તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન વિવિધ ખાદ્ય ચીજોનાં કુલ ૩૧ નમૂનાં લઈ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

આ કામગીરી અંતર્ગત અમરેલી જિલ્લાનાં વિવિધ તાલુકાઓ તેમજ અમરેલી શહેરમાં આવેલા મીઠાઈ અને ફરસાણનાં એકમોમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં રાજુલા ખાતેથી ૧૦, સાવરકુંડલા ખાતેથી ૬, બાબરા ખાતેથી ૪, બગસરા ખાતેથી ૨, કુકાવાવ–વડીયા ખાતેથી ૨ અને અમરેલી શહેર ખાતેથી ૭ નમૂનાં લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓમાં જલેબી, ફાફડા, ગાંઠિયા, સાટા, લાડુ, પેંડા, સક્કરપારા, શિંગપાક, દૂધ, પનીર, સિંગતેલ, નાનખટાઈ, માવો અને ઘી જેવી વિવિધ ખાદ્ય ચીજોનો સમાવેશ થાય છે.

તપાસ દરમિયાન સંબંધિત ફૂડ બિઝનેસ ઓપરેટરોને પોતાના એકમોમાં સ્વચ્છતા જાળવવા તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર

પિપાવાવ મરિન પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ખોલ્યો

કોવાયા ગામે ધાર્મિક સ્થાનમાંથી ચોરી થયેલ ચાંદીની લોટીનાં ગુન્હો ઉકેલાયો

ગીરગઢડાનાં છોડીવાડા ગામનાં ઈસમની અટકાયત

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કોવાયા ગામના ચામુંડેર મહાદેવ મંદિરમાંથી ચાંદીની લોટીની ચોરીના બનાવનો પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. મંદિરમાંથી આશરે ૨૦૦ ગ્રામ વજનની અને અંદાજે રૂપિયા ૪૦ હજારની કિંમત ધરાવતી ચાંદીની લોટીની ચોરી કરનાર આરોપીને ઝડપી પાડી પોલીસે ચોરાયેલી લોટી કબ્જે કરી છે. મરીન પીપાવાવ પોલીસની આ ઝડપી કામગીરીથી ચોરીના બનાવનો સફળતાપૂર્વક પર્દાફાશ થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૨૭ના રોજ સવારથી સાંજના

સમયગાળા દરમિયાન કોવાયા ગામના ચામુંડેર મહાદેવ મંદિરમાં રાખવામાં આવેલી એક ચાંદીની લોટીની ચોરી થઈ હતી. આ લોટીનું વજન આશરે ૨૦૦ ગ્રામ અને કિંમત અંદાજે રૂપિયા ૪૦ હજાર હોવાનું જણાવાયું છે. બનાવ અંગે

અનુસંધાન પાના ૬ ઉપર

પાલિકાનાં નિવૃત્ત કર્મચારી કે જેઓ મરણ ગયેલ છે તેમના

સાવરકુંડલામાં બેન્કનાં એ.ટી.એમ. કાર્ડની અદલાબદલી કરી રૂપિયા ૬૨,૯૦૦ ઉપાડી લેવાયા

સ્થાનિક પોલીસે છેતરપીંડી અંગે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા ગામે જેસર રોડ, ગીતાંજલી સોસાયટી, અલખધણીના ડેલા પાસે રહેતા અને નગરપાલિકાનાં નિવૃત્ત કર્મચારી રમેશગીરી ગજજરાજગીરી ગોસ્વામી હાલ તેઓ મરણ ગયેલ છે. તેઓ ગત તા. ૨૬/૨ નાં રોજ સાવરકુંડલા ગામે જનતાબાગની સામે આવેલ એસબીઆઈ બેન્કના એટીએમમાં પૈસા ઉપાડવા ગયેલ હતા. ત્યારે કોઈ અજાણ્યા ઈસમે તેમની પાસે આવી એટીએમ કાર્ડ માંગી પાસવર્ડ જાણી લઈ અને નજર ચુકવી એસબીઆઈ બેન્કના એટીએમ કાર્ડની અદલાબદલી કરી લઈ રમેશગીરીનું એટીએમ કાર્ડ લઈ જઈ તેમના ખાતામાં રહેલ રૂપિયા ૬૨,૦૦૦ અલગ અલગ સ્થળેથી ઉપાડી લઈ છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે એસબીઆઈ બેન્કના એટીએમના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી આરોપીની શોધખોળ આદરી છે.

આ બનાવમાં સાવરકુંડલા ગામે જેસર રોડ, ગીતાંજલી સોસાયટી, અલખધણીના ડેલા પાસે રહેતા નિકુંજગીરી રમેશગીરી ગોસ્વામી નામના ૨૩ વર્ષિય યુવકના પિતાજી રમેશગીરી ગજરાજગીરી ગોસ્વામી હાલ તેઓ મરણ થયેલ હોય. તેઓ ગત તા. ૨૬/૨ નાં રોજ સાવરકુંડલા ગામે મહુવા રોડ જનતાબાગની સામે આવેલ એસબીઆઈ બેન્કના એટીએમમાં ગયેલ હતા. ત્યારે કોઈ અજાણ્યા ઈસમે યુવકના પિતાજી પાસે આવી એટીએમ કાર્ડ માંગી પાસવર્ડ જાણી લઈ અને મની નજર ચુકવી એસબીઆઈ બેન્કના એટીએમ કાર્ડની અદલાબદલી કરી લઈ યુવકના પિતાજીનું એટીએમ કાર્ડ લઈ જઈ યુવકના પિતાજીના ખાતામાં રહેલ રૂપિયા ૬૨,૯૦૦ અલગ અલગ સ્થળેથી ઉપાડી લઈ છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે એસબીઆઈ બેન્કના એટીએમના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી આરોપીની શોધખોળ આદરી છે.

બાબરાના મેળામાં ટોય ટ્રેનના સંચાલક પર હુમલો

મેળામાં બાળકોને રાઇડસમાં બેસાડવાની ઉતાવળમાં બોલાચાલી બાદ માર માર્યો

રાજકોટના ૨૨ વર્ષીય લાલુસિંહને અજાણ્યા શખ્સે સાથીદારો સાથે મળી ઢીકાપાટુનો માર માર્યો

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળામાં ટોય ટ્રેનના સંચાલક પર હુમલો થયાની ઘટના સામે આવી છે. બાળકોને ટોય ટ્રેનમાં બેસાડવાની બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં અજાણ્યા શખ્સે અન્ય વ્યક્તિઓ સાથે મળી ટ્રેનના સંચાલકને માર માર્યો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, રાજકોટના રૈયાધાર મચ્છો નગર વિસ્તારમાં આવેલી ટાઉનશીપમાં રહેતા લાલુસિંહ ભૈરસિંહ ચૌહાણ

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)